સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

**વર્ષ :- ૪, અંક :- ૯, તા. ૨૦-૦૩-૦૯**

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ દિવ્યસ્વરૂપદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : amrutdhara2003@yahoo.com

# :: અનુક્રમણિકા ::


૧ સર્વોપરીધામજૂનાગઢ મંદિર ૦૭

૨ જૂનાગઢ મહિમા : ઈતિહાસના પાને... ૦૮

૩ જૂનાગઢ મંદિરમાં આવેલા દર્શનીય સ્થળો ૧૦
- ૧ શ્રી રાધારમણ દેવ ૧૦
- ૨ શ્રી હરિકૃષ્ણ મહારાજ ૧૧
- ૩ શ્રી રણછોડ ત્રિકમરાયજી મહારાજ ૧૧
- ૪ શ્રી સિદ્ધેશ્વર મહાદેવ ૧૨
- ૫ શ્રી ઘનશ્યામ મહારાજ ૧૨
- ૬ શ્રી ગણપતિ - હનુમાનજી ૧૩
- ૭ પ્રદક્ષિણામાં છત્રી ૧૩
- ૮ મંદિરની ઉત્તર તરફના દાદરા પાસે છત્રી ૧૪
- ૯ મંદિરમાં પ્રસાદીનાં ગરુડજી ૧૪
- ૧૦ મંદિરના મધ્ય શિખરનો પ્રસાદીનો ગોખ ૧૪
- ૧૧ શ્રી સભામંડપ ૧૪
- ૧૨ દરબાર શ્રી ઝીણાભાઈનું દિવાનખાનું ૧૫
- ૧૩ અક્ષર ઓરડી (બાઈઓનું મંદિર) ૧૫
- ૧૪ સંતોના ભંડારના ખૂણે ઓટો ૧૫
- ૧૫ સંતોના ભંડારમાં છત્રી ૧૫

૪ જૂનાગઢ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ ૧૬
- ૧ જેતપુરમાં ધર્મધુરા સમર્પણ વખતે ઓઢાડેલી શાલ (ચાદર) ૧૬
- ૨ સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીના ઠાકોરજી ૧૬
- ૩ પીપલાણાવાળી થાળી ૧૬
- ૪ ધોરાજીવાળો સુરતી મુગટ ૧૬
- ૫ નામાનો ચોપડો ૧૭
- ૬ ઉત્સવના કીર્તનનો ચોપડો ૧૭
- ૭ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીનો ચોપડો ૧૭
- ૮ પંચાળાના રાસનો જામો ૧૭
- ૯ પ્રસાદીની આરતી ૧૭
- ૧૦ બે ધ્યાન પાવડી ૧૭
- ૧૧ ડોલીની વળી ૧૭
- ૧૨ અન્ય પ્રસાદીની વસ્તુઓ ૧૭

૫ જૂનાગઢ શહેરમાં આવેલા પ્રસાદીનાં સ્થાનો ૧૮
- ૧ રેંટવાળી અવેડાની વાવ ૧૮
- ૨ બ્રહ્મકુંડ ૧૮
- ૩ શ્રી ભૂતનાથ મહાદેવ ૧૮
- ૪ ધર્મઅવેડાની વાવ ૧૮
- ૫ રાયણવાળો કુવો - ખળખળિયો કૂવો ૧૯
- ૬ શ્રી હાટકેશ્વર મહાદેવ ૧૯
- ૭ શ્રી હેમજા માતાજીનું મંદિર ૧૯
- ૮ શ્રી નરસિંહ મહેતાનો ચોરો ૨૦
- ૯ મજેવડી દરવાજો અને વાવ ૨૦
- ૧૦ શ્રી બુઢેશ્વર મહાદેવ ૨૦
- ૧૧ નવાબનો રાજ્યમહેલ (રંગમહેલ) ૨૧

૬ ગિરનાર પર્વત જતાં માર્ગમાં આવતાં પ્રસાદીનાં સ્થાનો ૨૧
- ૧ ગોધાવાવની જગ્યા ૨૧
- ૨ સમ્રાટ અશોકનો શિલાલેખ ૨૧
- ૩ રાયણનું વૃક્ષ ૨૧
- ૪ પથ્થરની શિલા (શ્રી રાધાદેરી પાસે) ૨૨
- ૫ શ્રી રાધાદેરી ૨૨
- ૬ રેવતીકુંડ ૨૨
- ૭ દામોદર કુંડ તથા શ્રી દામોદરજી મંદિર ૨૩
- ૮ મુચુકુંદ મહાદેવની ગુફા ૨૪
- ૯ શ્રી બ્રહ્મેશ્વર મહાદેવ ૨૪
- ૧૦ શ્રી નારાયણ ધરો ૨૪
- ૧૧ સોનરખ નદીને કાંઠે ઓટો ૨૪
- ૧૨ શ્રી દૂધેશ્વર મહાદેવ ૨૫
- ૧૩ શ્રી ભવનાથ મહાદેવ ૨૫
- ૧૪ ચડાવની વાવ ૨૫

૭ ગિરનાર પર્વત ઉપર પ્રસાદીનાં સ્થાનો : ૨૬
- ૧ ગિરનાર પર્વત ૨૬
- ૨ ગૌમુખી ગંગા ૨૭
- ૩ કમંડળકુંડ ૨૭
- ૪ શ્રી અંબાજી ટુંક ૨૭
- ૫ શ્રી ગોરખનાથનાં પગલાં (ટુંક) ૨૮
- ૬ શ્રી દત્તાત્રેયનાં પગલાં (ટુંક) ૨૮
- ૭ પથ્થર ચટ્ટી ૨૮

૮ જૂનાગઢ મંદિર એક ઈતિહાસ ૨૯

૯ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પ્રસ્થાપિત નિત્ય મહાપૂજા ૩૧

૧૦ જૂનાગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં જીવન અને કાર્યની ક્રમકુમવર્ણી તિથિ ૩૨

૧૧ મહાપૂજા સ્થાપક અનાદિ મૂળ અક્ષરમૂર્તિ યોગીવર્ય સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી ૩૩

૧૨ જૂનાગઢ મંદિરના આદિ મહંત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ૩૪

૧૩ જૂનાગઢ મંદિરના નિર્માતા બ્રહ્મમહોલના કવિસમ્રાટ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી ૩૫

૧૪ સત્સંગ સમાચાર પત્રિકા ૩૭



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ગિરનારની ગોદમાં આવેલું સોરઠ પ્રદેશનાં સત્સંગીઓના આસ્થાનું કેન્દ્ર ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામપૈકી

# સર્વોપરીધામ જૂનાગઢ મંદિર

વિમાનની ઉપમા આપવા યોગ્ય, મહા શોભાયમાન, ત્રણ શિખરોથી યુક્ત, દર્શનીય, અદ્‌ભુત શોભાવાળું,
જે મંદિરમાં શિલ્પીઓની નિપુણતા જોવામાં આવે છે તેવું,
જેની શિલ્પકળાની ઉત્તમ રચનાથી સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રસન્ન થયેલા છે.
આ મંદિરની રચનામાં શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, ઝીણાભાઈ, રૂપશંકરભાઈ, દાદાભાઈ, ગગોભાઈ, ઉમેદસંગભાઈ આદિક સંતો-ભક્તોના સમર્પણની ઝાલર ઝણઝણે છે.

આ મંદિર સર્વાવતારી, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે પ્રસ્થાપિત થયેલું એક પુરાતન ધામછે.

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં ભગવાન શ્રીહરિ આ મંદિરનો મહિમા કહેતા કહે છે :-

"હે જનો ! અહીં જે જનો દરરોજ ભકિતપૂર્વક આ મૂર્તિઓના દર્શન કરશે તે દુસ્તર એવા આ સંસારથી જરૂર મુકિત પામશે. તેમજ આ મૂર્તિઓની પ્રસન્નતાથી તેઓ ભુક્તિ અને મુક્તિ પામશે. આ મંદિરમાં આ મૂર્તિઓની આગળ ભક્તિપૂર્વક જે જપ કરશે તથા પુરશ્ચરણ વગેરે કરશે તે સર્વનું હજારગણું ફળ તેમને મળશે. જે જનો આ મંદિરમાં એકાદશી વગેરે વ્રતોનું ઉદ્યાપન કરશે તેઓ ઇચ્છિત ફળ પામશે. આ મંદિરમાં જે જનો વસ્ત્રો, ભૂષણો, ધન વગેરેથી આ મૂર્તિઓની સેવા કરશે તે ચાર પ્રકારની સિદ્ધિ જરૂર પામશે."



સોરઠની પુણ્યવંતી ભૂમિપર

# ઈતિહાસના પાને : જૂનાગઢ મહિમાગાથા...

સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

**'સોરઠદેશ સોહામણો, ગઢ જૂનો ગિરનાર;**
**સાવજડાં સેંજળ પીએ, જેના નમણા નર ને નાર.'**

માત્ર ગુજરાત - સૌરાષ્ટ્રનાં જ નહિ, ભારત દેશનાં તમામ પ્રાચીનતમ નગરોમાં પણ ઐતિહાસિકતાના સંદર્ભમાં જૂનાગઢનું મહત્ત્વનું સ્થાન રહેતું આવ્યું છે. જૂનાગઢ અને ગિરનાર વિષે ખૂબ કહેવાયું છે.

રૈવતાચલની પવિત્ર તળેટીમાં આવેલું જૂનાગઢ પ્રાચીનકાળથી જ પોતાની પવિત્રતા માટે જાણીતું છે. રૈવતાચલ જે અનેક મહાપુરુષો તપસ્વીઓ જોગી અને જતિઓની સાધનાની સાખ પૂરે છે. ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં તો આ શહેરનું નામ **'ગિરિનગર'** હતું તેવું વિદ્વાનો અને ઈતિહાસવિદોઓનું કહેવું છે. ગિરનાર પર્વતનું વેદકાલીન નામ **'ઊજ્જયંત'** હતું, પરંતુ 'ગિરિનગર' શબ્દ જતે દિવસે 'ગિરનાર' બની ગયો અને નામ પર્વતને લાગી ગયું. એક એવી વાત પણ પ્રસિદ્ધ છે કે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના મોટાભાઈ શ્રી બલદેવજીના પત્ની રેવતીના પિતાશ્રી રૈવતરાજાના નામ ઉપરથી આ પર્વત **'રૈવતાચલ'**ના નામથી પણ ઓળખાતો હતો.

જીર્ણદુર્ગ - જૂનાગઢ એક પ્રાચીન નગરી છે. આ નગર રૈવતગિરિની છાયામાં વસેલું નગર છે, જે નગર અનેક અવતારોની ચરણરજથી પાવન થયું છે, અનેક ધર્મની છાયામાં વિકસ્યું છે, અનેક પ્રજાવત્સલ શાસકોથી શોભ્યું છે, સંસ્કારધામ રહીને અનેકોનો ઉદ્ધાર કર્યો છે,

આ એ ગિરનાર છે જેની છાયામાં અનંત સિદ્ધો વસે છે, આ એ ગિરનાર છે જેની પ્રત્યેક રજકણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં શ્રીચરણોથી પાવન થઈ છે.

સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ૫૦૦ પરમહંસોના પગલે અર્વાચીન તીર્થરૂપ પ્રસિદ્ધ થયેલ ગરવા ગિરનારની ગોદમાં આવેલ જૂનાગઢની વસુંધરાનાં કણ-કણમાં આધ્યાત્મિક દિવ્ય સ્પંદનો ગૂંજી રહ્યા છે. નીલકંઠ વર્ણી રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગિરનારની શિખા સુધી પદયાત્રા કરીને તેને ચિરંતન તીર્થત્વ આપ્યું છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણ તરીકે તેઓએ પોતાના અવતારકાર્યનો આરંભ પણ આ જ ગિરનારની છત્રછાયામાં આવેલા સોરઠ પ્રદેશથી કર્યો હતો.

ઈતિહાસ સાક્ષી છે કે જૂનાગઢના નવાબી રાજ્યમાં જૂનાગઢ શહેરના રાજમાર્ગો પર નવગજા હાથી પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણનું જે દબદબાપૂર્વક બહુમાન થયું હતું તે સંપ્રદાયની જ નહીં, હિંદુ ધર્મની એક અદ્વિતીય ઘટના હતી. તેમજ નવાબ બહાદુરખાનને ભગવાન શ્રીહરિના દર્શન થયા, અને શ્રીહરિને ખુદાવંત-પયગંબર જાણી શ્રીજીમહારાજનો નિશ્ચય થયો હતો તેની વિપુલ સ્મૃતિ છબી સાંપ્રદાયિક શાસ્ત્રના પાને અંકાઈ છે.

આ શાનદાર સવારીનું વર્ણન કરતા પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં લખે છે :

'विभूषिते तत्र गजाधिराजे हरिर्निषण्णः प्रतिहारपालैः ।
सुवर्णवेत्रैः समुदीर्यमाणा व्रजन् स शुश्राव गिरो मनोज्ञाः ।।
वाचस्तथा बन्दिजनव्रजोक्ता हरिश्च नानाविधवाद्यघोषान् ।
शृण्वंश्चलन्नेव शनैरपश्यत् पुरं तदेवाद्‌भुतभूरिशोभम् ।।'

"ભૂષણોથી શણગારેલા ગજેન્દ્ર ઉપર બિરાજેલા ભગવાન શ્રીહરિ, સુવર્ણ છડીવાળા છડીદારોની છડીના શબ્દો સાંભળતા હતા. શ્રીહરિ બંદિજનોની વાણી તથા વિવિધપ્રકારના વાદ્યોના ઘોષ સાંભળતા, ધીમે ચાલતા, અલૌકિક શોભાવાળા પુરને શ્રીહરિ જોતા હતા. વિવિધિ પ્રકારની વેલી, ફળ તથા પુષ્પોયુકત વૃક્ષોના સમુદાયોથી શોભાયમાન, રૈવત-પર્વતથી દેવતાઓના બગીચા સમાન શોભાવાળા, અનેક ઉપવનોથી ચારેબાજુથી શોભાયમાન; વિચિત્ર વર્ણવાળા ઉત્તમદરવાજાઓ જેને છે એવા ઊંચા કિલ્લાઓથી શોભાયમાન, સંમાર્જન કરેલી તથા જળ છંટાએલી ચોખંડીઓ (બજારના ચોક), શેરીઓ તથા માર્ગોથી અત્યંત શોભાયમાન; સમાન પંક્તિઓવાળી સાત માળની હવેલીઓ, સુંદર મનોહર શણગારેલા ઘરોથી શોભતું, સુંદર ઘોડશાળાઓથી વિશેષ શોભતું, વિવિધ પ્રકારના અનાજની દુકાનોથી યુકત; વિશાળ ધર્મશાળાઓથી સુંદર, શ્રેષ્ઠ સભાસ્થાનો, ચોખંડીઓ, વિવિધ પ્રકારની વેચવા યોગ્ય સુંદર વસ્તુઓ જેમાં છે એવું, સમાન પંક્તિથી શોભાયમાન હાટોથી સંભાવિત શોભાવાળું.



ઓડલીઓથી શોભાયમાન, ફાંસડાવાળા પરબડીના સ્તંભો ઉપર રહેલા પારેવા તથા મયૂરો વગેરે વિવિધ પ્રકારના મધુર ઘોષ કરતા, શુક, સારિકાદિ પિંજર પક્ષિઓના નિનાદોથી ગુંજતું સુંદર ભાતભાતના ચિત્રોથી શોભતું, અતિશય સુંદર, અનેક વાદ્યો સહિત ગાન થતા દેવાલયો, ઊંચા, સ્વર્ગમાં રહેલા ઇન્દ્રભુવનો સમાન શોભતા રાજદરબારમાં રાજાના કોટની અંદર રાજભુવનોથી પ્રકાશમાન. સોપારીના વૃક્ષો સહિત કેળો તથા જળપૂર્ણ ઘડાઓથી શોભાયમાન, આંગણાએ યુક્ત ગૃહોથી રમણીય, વિવિધ વર્ણોવાળી ધજાઓ જેમાં છે એવું, બારણાઓમાં લટકતા તોરણોથી શોભાયમાન. આ પ્રકારના પ્રસિદ્ધ નગરમાં પ્રવેશેલા, શ્રેષ્ઠ હાથી ઉપર બિરાજેલા, સર્વોપરી શ્રીહરિના દર્શન માટે રાજમાર્ગમાં પુરના નિવાસીજનો પોતાના તમામ કાર્યોનો ત્યાગ કરીને તત્કાળ આવ્યા. તે સમયે લોકો, હાટોમાં બેસીને, દર્શનીય શ્રીહરિના દર્શન કરતા હતા. કેટલાક ઘરો ઉપર બેસીને દર્શન કરતા હતા. કેટલાક લોકો તો નગરમાં ઊંચા કિલ્લા ઉપર ચઢીને શ્રીહરિના દર્શન કરતા હતા. ચંદ્રને જોઇને ચકોર જેમહર્ષ પામે તેમશ્રીહરિના દર્શન કરી ઘણી શાંતિ પામેલા તે સર્વજન સમુદાયનું ચિત્ત શ્રીહરિના સૌન્દર્યમાં અસક્ત થઇ ગયું. અને તેથી તે સમયે જાણે ભીંતમાં ચિતરેલા ચિત્રોની માફક જ તે સર્વે સ્થિર બની ગયા. કોટિ કામદેવ સમાન મનોહર અંગવાળા શ્રીહરિના અતૃપ્ત નયને દર્શન કરીને પુરની સ્ત્રીઓ પણ અધિક શાંતિ પામતી થકી શ્રીહરિને વધાવવા લાગી.''

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૮/૨૬/૧૮-૧૯)

આ પવિત્ર ભૂમિના ભક્તજનો ભગવાન શ્રીહરિને અતિ વ્હાલા હતા. તેથી તો સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

'સાંભળો સત્સંગી સોરઠી, તમે સહુ સુખી છો સારિ પેઠે.
અમે ફરિએ છીએ દેશ સહુ, પણ તમે વાલા મને બહુ.'

❖ ❖ ❖

'વળી દેશમાં સારા સતસંગી રે, જેની પ્રીત પ્રભુમાં અભંગી રે.
સ્વામી રામાનંદજીના શિષ્ય રે, હેતે હરિ ભજે છે હંમેશ રે;
સહુ સિદ્ધ સમાધિ સંપન્ન રે, અતિ અનઘ જાણો એ જન રે.
વળી આવી અમે એહ દેશ રે, રહી ગયા વરણિને વેષ રે;
જોઈ પવિત્ર દેશ પાવન રે, ઘણું ઘણું માની ગયું મન રે.'

(પુરુષોત્તમપ્રકાશ : ૩૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વમુખે જૂનાગઢનો મહિમા કહ્યો છે. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'પુરુષોત્તમપ્રકાશ'**માં લખે છે :-

'સોરઠ દેશવાસી જન કાજે રે, કરાવિયું મંદિર મહારાજે રે;
જોઈ જીરણગઢ માંઈ જાગ્ય રે, દિઠી દેવળ કરવા લાગ્ય રે.
જાણ્યું આ જાગ્યે મંદિર થાય રે, તેનો મોટો વધે મહિમાય રે;
મોટું શહેર તીરથ વળી મોટું રે, જીયાં મનુષ્ય આવે કોટાન કોટું રે.'

(પુરુષોત્તમપ્રકાશ : ૩૧)

વળી, શ્રીજીમહારાજ દ્વારા જૂનાગઢ મંદિરમાં **પ્રતિષ્ઠિત દેવોનો મહિમા** લખતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

'સુંદર મૂરતિયો સરખી સારી રે, તે તો મંદિરમાંય બેસારી રે;
જોયા જેવી મૂર્તિ જૂનેગઢ રે, જે જે જુવે તેને લાગે રઢ રે.
એવી પોતે મૂર્તિ પધરાવી રે, ગઢડેથી જૂનેગઢ આવી રે;
કરવા અનેક જીવનું કલ્યાણ રે. કર્યું કામ શ્યામ સુજાણ રે.'

(પુરુષોત્તમપ્રકાશ : ૩૧)

આ ધામનો મહિમા લખતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં કહે છે :

જીર્ણગઢ તીર્થનો મહિમાય, કહ્યો વિસ્તારી વૃષકુળરાય;
હરિલીળાકલ્પતરુ માંહી, તમે સાંભળ્યો છે ચિત્ત ચાહી.
માટે એટલું કહું છું આ ઠામ, અતિ પ્યારું પ્રભુને એ ધામ;
આવી જાત્રા કરે જન જેહ, પામે ચારે પદારથ તેહ.

(શ્રીહરિલીલામૃત : ૮/૫૮)

તો ચાલો... આપણે આવા આ સોરઠ પ્રદેશના ગિરનાર ક્ષેત્રના; વિવિધ સંપ્રદાયના અનેક નામી-અનામી સંતોએ વિચરણ કરી આ ભૂમિને 'દેવભૂમિ'ની શ્રેષ્ઠતા અર્પી છે, જેનાં અનેક સ્થળો ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતો-ભક્તો પવિત્ર છે. આજે પણ ભગવાન શ્રીહરિના પદારવિંદથી પાવન થયેલા અનેક સ્થાનો રક્ષિત છે. સં. ૧૮૫૬ થી સં. ૧૮૮૬ સુધી ૩૦ વર્ષના સમયકાળમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જૂનાગઢમાં ૨૩ વખત પધાર્યા હતા. જૂનાગઢ શહેરમાં ૬૦ ઘેર પધરામણી કરી હતી. દરેક સત્સંગીને ઘેર જમવા પધાર્યા હતા. આમ, શહેર અને શહેરની ચોતરફ ફરી સોનરખ, કાળવો, ગિરનાર વગેરે અનેક સ્થળે પધારી ઘણા દિવ્ય ચમત્કારો જણાવ્યા હતા. એ તમામ તીર્થસ્થાનોના, તજજ્ઞ વિદ્વાનો-સંતો દ્વારા શાસ્ત્રોક્ત પ્રમાણોથી સંકલિત કરાયેલા આ 'ચિંતન વિશેષાંક'ના માધ્યમથી દરેક સ્થળના અદ્‌ભુત **'માહિતીસભર દર્શન'** કરી કૃતાર્થતા અનુભવીએ...





# શ્રી જૂનાગઢ દર્શન

- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

# જૂનાગઢ મંદિરમાં આવેલા દર્શનીય સ્થળો



## શ્રી રાધારમણ દેવ

'જીરનગઢમાંહિ જગપતિ, મંદિર રચ્યો મોરાર;
મૂર્તિ રાધા રમનકી, સ્થાપન કીન ઉદાર.'
(સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી)

श्रीद्वारिकाधीश्वरदक्षभागे ततश्च राधारमणस्य मूर्तिम् ।
स स्थापयामास सुमन्दिरेऽसौ यद्दर्शनात्तीर्थफलं त्विह स्यात् ॥

પછી શ્રી દ્વારિકેશને મધ્યમંદિરમાં સ્થાપના કરનારા શ્રીહરિ, દ્વારકાધીશના મંદિરમાં, જમણી બાજુએ રાધારમણની મૂર્તિની સ્થાપના કરતા હતા, જેના દર્શનથી આ જૂનાગઢમાં જ દ્વારિકા - વૃંદાવન આદિ તીર્થ માત્રનું સંપૂર્ણ ફલ પ્રાપ્ત થાય છે. (શ્રી સત્સંગિજીવન : ૫/૪૯/૨૮)

ભગવાન શ્રીહરિએ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે જેવી રીતે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવોની પ્રતિષ્ઠા કરીને ઉત્સવ કર્યો હતો, તે જ રીતે સં. ૧૮૮૪ના વૈશાખ વદ -૨ (તા. ૧-૫-૧૮૨૮, ગુરુવાર)ના રોજ જૂનાગઢ મંદિરમાં મધ્ય દેરાથી જમણી બાજુના દેરામાં શ્રી રાધારમણ દેવની પ્રતિષ્ઠા કરીને સ્થાપના કરી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જૂનાગઢમાં પ્રતિષ્ઠાવિધિ કરીને મંદિરની બાજુમાં પૂર્વ ભાગના વિશાળ અને સુંદર પ્રવેશદ્વારમાં ભક્તોના સમૂહની સભામાં કોમળ અને સુંદર ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થઈને શ્રી રાધારમણ દેવનો મહિમા કહેતા પોતાના આત્મીય ભક્તજનોને કહે છે :-

'श्रीराधारमणादीनां मूर्तीनामत्र मङ्गलम् । कृतं मया जनौघानां मुक्त्यै स्थापनं जनाः ॥
दर्शनेन किलैतासां फलं यास्यन्ति देहिनः । अध्वराणां समग्राणां तीर्थानां चापि सर्वशः ॥'

"મેં જૂનાગઢમાં જનસમૂહની મુક્તિ માટે શ્રીરાધારમણ આદિ મૂર્તિઓની મંગળ પ્રતિષ્ઠા કરી છે. આ મૂર્તિઓના દર્શનથી મનુષ્યોને યજ્ઞો તથા સર્વ તીર્થોનું સમગ્ર ફળ પામશે. અહીં જે જનો દરરોજ ભક્તિપૂર્વક આ મૂર્તિઓના દર્શન કરશે તે દુસ્તર એવા આ સંસારથી જરૂર મુકિત પામશે. અન્ય ગામમાંથી પણ જે જનો અહીં દરેક પૂર્ણમાસીએ આવીને આ મૂર્તિઓના દર્શન કરશે. તેમના સર્વ મનોરથો તત્કાળ સિદ્ધ થશે. તેમજ આ મૂર્તિઓની પ્રસન્નતાથી તેઓ ભુક્તિ અને મુક્તિ પામશે." આજે પણ **શ્રી રાધારમણ દેવ** સોરઠ દેશના સર્વ ભક્તજનોના દુ:ખનું હરણ કરીને શાશ્વત સુખ આપી રહ્યા છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૩૯/૨-૧૧)

# શ્રી હરિકૃષ્ણ મહારાજ



'अथासौ तत्प्रतिष्ठार्थं साकं सद्भिश्च वर्णिभिः । पत्तिसादिगणैश्चायाज्जीर्णदुर्गपुरं मुदा ॥

सन्मुहूर्तेऽथ तत्राऽसौ श्रीराधारमणालये । सोत्सवं हरिकृष्णार्च्चां यथाशास्त्रमतिष्ठिपत् ॥'

"ત્યારબાદ શ્રી રઘુવીરાચાર્ય શ્રીહરિકૃષ્ણની મૂર્તિની સ્થાપના માટે સંતો, વર્ણિઓ, પાર્ષદો તથા ઘોડેસવારો સહિત હર્ષપૂર્વક જૂનાગઢ આવ્યા. જૂનાગઢમાં રઘુવીરાચાર્યે શ્રીરાધારમણ દેવના સ્થાનમાં શ્રીહરિકૃષ્ણની **મૂર્તિની પ્રતિષ્ઠા** મહાન ઉત્સવ કરીને શુભ મુહૂર્તમાં શાસ્ત્રિવિધિ પ્રમાણે કરી." (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૨/૩૫-૩૬)

જૂનાગઢ મંદિરમાં મધ્ય શિખરથી જમણી બાજુના દેરામાં શ્રી રાધારમણ દેવની જમણી બાજુએ ભક્તજનોને ભગવાન શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન કરવાનું સુખ આવે તે માટે કિશોર સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની પંચધાતુ પ્રતિમાની વિ. સં. ૧૯૧૬ ફાગણ વદ - ૨ના રોજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. જેની નોંધ પ.પૂ. ધ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત ગ્રંથ'માં લેતા કહે છે :-

**'દ્વિતીયા વદિ ફાલ્ગુણિ આવી, જુનેગઢ રઘુવીરે સિધાવી; હરિકૃષ્ણ તણી છબી ત્યાંય, પધરાવિ તે મંદિરમાંય.**
**પ્રતિષ્ઠાની ક્રિયા હોમઆદે, કરી ત્યાં ભગવતપ્રસાદે; રઘુવીરજીએ જે ઉચાર્યું, તેહ વચન તેણે શિર ધાર્યું.'**

(શ્રીહરિલીલામૃત : ૧૦/૧૬)

# શ્રી રણછોડ ત્રિકમરાયજી મહારાજ




'वेदाष्टवस्वेकमिताब्दराधकृष्णाद्वितीयादिवसादिमार्धे ।

स मन्दिरे स्थापयति स्म साक्षाच्छ्रीद्वारिकेशं नृप ! मध्यमेऽसौ ॥'

સં.૧૮૮૪ ના વૈશાખ વદી ૨ ને દિવસે પ્રથમના બે પ્રહરમાં મધ્ય મંદિરમાં પ્રત્યક્ષ પોતે જ કૃષ્ણ એવા શ્રીહરિ શ્રીદ્વારિકેશની સ્થાપના કરતા હતા. (શ્રી સત્સંગિજીવન : ૫/૪૯/૨૭)

**'શોભે ધામશિખર ત્રણવાળું, ઉત્તરાભિમુખે તે રૂપાળું;**
**રણછોડ ત્રિકમરાય, સ્થાપ્યા તે વચલા ખંડમાય.'**

(શ્રીહરિલીલામૃત : ૮/૫૮)

'पयोधिरंध्राऽष्टमहीमितेऽब्दे राधस्य कृष्णाद्वितीयाऽऽद्यभागे ।

त्रिविक्रमं मध्यममन्दिरे च श्रीद्वारिकाधीशमतिष्ठिपत्सः ॥'

સં.૧૮૮૪ ના વૈશાખવદી બીજને દિવસે મધ્યમંદિરમાં ત્રિવિક્રમતથા શ્રીદ્વારિકાધીશની શ્રીહરિ સ્થાપના કરતા હતા. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૩૮/૪૨)

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી કાળયવનની સામે લડતા રણભૂમિછોડીને છેક મથુરાથી જૂનાગઢ મુચુકુંદ ગુફામાં સંતાઈને કાળયવનને મુચુકુંદ પાસે મરાવ્યો અને મુચુકુંદને મોક્ષ આપ્યો ત્યારથી શ્રીકૃષ્ણ પરમાત્મા **'રણછોડરાય'** કહેવાયા. એ જ દ્વારકાધીશ રણછોડરાયે આ રૈવતાચળને પોતાની રમણભૂમિ બનાવી. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણે રૈવતાચલની ગોદમાં આવેલા જૂનાગઢ મંદિરમાં એક જ અવતારના બે સ્વરૂપો વૃંદાવન વિહારી **'રાધારમણ દેવ'** અને **'રણછોડરાય'** એમ બે સ્વરૂપો પધરાવ્યા છે.

વેદોમાં વિષ્ણુના અવતાર વામનજીની કથા છે. તે વામન ભગવાને બલી રાજા પાસેથી ત્રણ પગલાં પૃથ્વીનું દાન લીધું. તેથી 'ત્રિવિક્રમ-ત્રિકમજી-ત્રિકમરાય' આવા નામથી પ્રસિદ્ધ થયા. એ વામનજીની વિચરણ ભૂમિને ભક્તજનો હંમેશા યાદ રાખે તેવા શુભ હેતુથી શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરમાં 'ત્રિકમરાયજી'ની સ્થાપના કરી. વૈદિક ઈતિહાસમાં વામનજી (ત્રિકમરાયજી)ની પ્રતિષ્ઠા ભગવાન શ્રી સ્વામિનારાયણે એક જૂનાગઢમાં જ કરી છે.



# શ્રી સિદ્ધેશ્વર મહાદેવ

कृष्णस्य वामेऽथ च मन्दिरेऽसौ सिद्धेश्वरं शङ्करमम्बिकां च ।
विनायकं चापि सुदर्शनीयं यथाविधिस्थापयति स्म दैविः॥

પછી ધર્મસુત એવા શ્રીહરિ, શ્રીદ્વારકેશ મંદિરના ડાબા ભાગમાં અતિ દર્શનીય સિદ્ધેશ્વર નામનાં મૂર્તિમાન શંકર-પાર્વતી, ગણપતિ, નન્દીકેશ્વરની યથાવિધિ સ્થાપના કરતા હતા. (શ્રી સત્સંગિજીવન : ૫/૪૯/૨૯)

'ખંડ પશ્ચિમમાં સિદ્ધેશ્વર, તે તો મૂર્તિ દિસે મનોહર,
શોભે પાર્વતી તે સ્થળમાંય, નંદીકેશ્વર પણ દીસે ત્યાંય.'

(શ્રીહરિલીલામૃત : ૮/૫૮)

'પારવતિ પતિ અતિ પ્રબલ, વિમલ સદા નરવેશ,
નંદી સંગ ઉમંગ નિત, સમરત જેહે ગુન શેષ.'

(સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી)

વેદોમાં ભગવાન શંકર અને ભગવાન શ્રી વિષ્ણુનું બ્રહ્મરૂપે કરીને એકાત્મપણાનું પ્રતિપાદન કર્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ શિક્ષાપત્રીમાં કહ્યું છે :- 'एकात्म्यमेव विज्ञेयं नारायण महेशयोः । उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ।।'

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. (શિક્ષાપત્રી : ૪૭)

ભગવાન શ્રી સ્વામિનારાયણના નીલકંઠ વર્ણી વેષે વનવિચરણ દરમ્યાન ભૂતપુરીમાં શિવ-પાર્વતીએ કાપડી વેષે આવીને સાથવો જમાડીને સેવા કરી હતી, તેના ફળસ્વરૂપે શ્રીજીમહારાજે સુંદર આકૃતિવાળા ચમત્કારી સિદ્ધેશ્વર મહાદેવની પાર્વતી દેવી સાથે સં. ૧૮૮૪ના વૈશાખ વદ -૨ (તા. ૧-૫-૧૮૨૮, ગુરુવાર)ના રોજ જૂનાગઢ મંદિરમાં મધ્ય દેરાથી ડાબી બાજુના દેરામાં પ્રતિષ્ઠા કરી. એટલું જ નહીં, વૈષ્ણવ પંરપરા અનુસાર મહાદેવજીની પૂજન-અર્ચનની પરંપરા સ્થાપી. ભારતભરમાં જેમ દ્વાદશ જ્યોતિર્લિંગમાં સોમનાથનું જ્યોર્તિલિંગ સર્વપ્રથમગણાય છે તેમ મૂર્તિમાન શિવજીનું સ્થાપન પૂજન તથા સેવારીતિ સૌપ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણે જૂનાગઢ મંદિરથી પ્રવર્તાવી છે. અને તે પ્રતિષ્ઠા કરી આશિષદાન આપતા કહ્યું હતું કે, 'જે જે ભક્તો આ સિદ્ધેશ્વર મહાદેવનું ભાવથી પૂજન-અર્ચન અને દર્શન કરશે તેના સર્વ મનોરથ પૂર્ણ થશે. તે તો મૃત્યુંજય છે, તેથી ભક્તો ઉપર દયા કરી તેના રોગ, અકાળ મૃત્યુ ટાળી નાખશે.'



# શ્રી ઘનશ્યામ મહારાજ

શ્રી રાધારમણ દેવની બાજુમાં જ્યાં સુખશૈયા હતી તે સ્થાનમાં વિ.સં. ૧૯૭૦ના ફાગણ સુદ - ૧૫ના દિવસે સુખશૈયાને થોડી એક બાજુ લઈને તે સ્થાને શ્રી ઘનશ્યામ મહારાજની સ્થાપના સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીની હયાતિમાં જ, પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજશ્રી વરદ્ હસ્તે કરવામાં આવી હતી. આ સ્થાને હાલમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠાની તિથિની તકતી લગાવેલ છે. તેમાં આ મૂર્તિ બનાવનાર જામનગરના મીસ્રી ગોવા પમાએ રૂા. ૬,૦૦૦નું દાન આપેલ છે એવો લેખ છે. આ મૂર્તિ પધરાવ્યા બાદ સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ પોતે સ્વધામ તે પહેલા છએક માસ અગાઉ વિ.સં. ૧૯૭૧ શ્રાવણ માસમાં જૂનાગઢમાં રહીને, સંતોની દેખરેખ નીચે જેતપુર ગાદીસ્થાનના એક શિખરનાં સિંહાસન બનાવવાની સાથે સૌપ્રથમ આ જૂનાગઢના શ્રી ઘનશ્યામ મહારાજનું સિંહાસન ચાંદીના પાટલા સહિત તૈયાર કરાવ્યું હતું. આ સમયે જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ્વામી નારાયણદાસજી હતા. (હાલ આ શ્રી ઘનશ્યામ મહારાજ અને સુખશૈયાને સ્થળાંતર કરીને નૂતન બનાવેલ મહાપૂજા-ભુવન મંદિરમાં પધરાવવામાં આવેલ છે.)

# શ્રી ગણપતિ-શ્રી હનુમાનજી-શ્રી કાશી વિશ્વેશ્વર







**'વળી પૂર્વમુખે કોળિમાંય, સ્થાપ્યા હનુમાનજી પણ ત્યાંય.**
**સતસંગીનું રક્ષણ કરવા, માને તેહનું સંકટ હરવા;'** (શ્રીહરિ લીલામૃત : ૮/૫૮)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે સિદ્ધેશ્વર મહાદેવની સ્થાપના શ્રી રણછોડરાયથી પશ્ચિમબાજુના દેરામાં કરી ત્યારે તેમની સાથે જ શ્રી ગણપતિ તથા નંદિગણની સ્થાપના કરેલી છે. તેમજ એ મંદિરની બહાર કોળીમાં પૂર્વમુખે શ્રી હનુમાનજીની સ્થાપના પોતે જ કરેલી છે. તેમજ બહાર પ્રદક્ષિણામાં શ્રી ગણપતિજી આગળ હાલ જે શિવલિંગ છે તેની પૂજા ભગવાન શ્રીહરિએ કરી હતી. તેથી તે પણ પ્રસાદિના છે.

**'વળી મંદિરમંડપ બહાર, દેરી છે એક પશ્ચિમ ઠાર.**
**શિવનું બાણ થાપ્યું તે ઠામ, તેનું કાશી વિશ્વેશ્વર નામ;'** (શ્રીહરિલીલામૃત : ૮/૫૮)

અત્યારે જે શ્રી હનુમાનજી-ગણપતિજીની મહાકાય ભવ્ય મૂર્તિઓ પ્રદક્ષિણામાં ઉપરના ભાગમાં છે, તે સં. ૧૯૧૧માં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ નીચે હાલ જે છત્રી છે તે તરફ પધરાવી હતી. પરંતુ ત્યાં તેને થાળ ધરાવવો, પોઢાડવા, જગાડવા, દર્શન કરવા જવું વગેરે બહુ જ કઠિન થઈ પડતું અને ચોમાસામાં તો ખૂબ જ તકલીફ પડતી. તેથી સ.ગુ. શ્રી યોગેશ્વરદાસજી સ્વામી, સ.ગુ. શ્રી અક્ષરસ્વરૂપદાસજી સ્વામી તથા સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી વગેરે સંતોની એવી ઈચ્છા હતી કે 'આ બંને દેવોને મંદિરમાં ઉપર પ્રદક્ષિણાના ભાગમાં પધરાવીએ તો ઠીક' આ મહાપુરુષોનો સંકલ્પ સ.ગુ. શ્રી નારાયણદાસજી સ્વામીએ પૂરો કરવાનું વિચાર્યું. અને પછી ઉપર પ્રદક્ષિણામાં બંને દેવના શિખરબધ્ધ મંદિર તૈયાર કરાવ્યા. પછી જ્યારે તે મૂર્તિને ઉપર લેવાની હતી ત્યારે ગણપતિજીની મૂર્તિને કંપી દ્વારા ઉપર લીધી અને પધરાવી પણ તેમકરતા એક સંત કૃષ્ણપ્રસાદ નામે હતા તેનો અંગૂઠો કંપીના ચક્કરમાં આવી ગયો તેથી અંગૂઠાને ખૂબજ ઈજા થયેલી અને ત્રણેક મહિને આરામ થયેલો. ત્યારબાદ હનુમાનજીની મૂર્તિ પણ એ જ રીતે ઉપર લેવા માંડી મહેનત કરતા હતા, છતાં મૂર્તિ જરા પણ ઊંચી જ ન થઈ અને બે-ત્રણ વાર તો દોરડાં પણ તૂટી ગયા ત્યારે સ્વામીએ તે કામ બપોરનો સમય થયો હોવાથી બંધ રખાવ્યું. અને બપોર પછી કથા કર્યા બાદ સ.ગુ. શ્રી નારાયણદાસજી સ્વામીએ હનુમાનજીની મૂર્તિ પાસે જઈને વિનંતિ કરી કે, 'આપની સેવાપૂજા યથાવિધિ થાય સર્વે આપના દર્શન સરળતાથી કરી શકે એવા શુભ આશયથી આપને અમારે નવા મંદિરમાં બિરાજમાન કરવા છે માટે આપ કૃપા કરીને નવા મંદિરમાં બિરાજો' આ રીતે પ્રાર્થના કરીને બધાને ફરીથી બોલાવ્યા ત્યારે સર્વે આવ્યા અને એક જ પ્રયત્નથી હનુમાનજીની મૂર્તિ અધ્ધર ચાલી ગઈ અને યથાસ્થાને પધરાવી પણ દીધી. આવો અદ્ભુત ચમત્કાર આ મૂર્તિ દ્વારા જણાવવામાં આવ્યો હતો.

# પ્રદક્ષિણામાં છત્રી



આ સ્થળે શ્રીજીમહારાજ નિજમંદિરમાં શ્રી રાધારમણ આદિક દેવોની પ્રતિષ્ઠા કરીને સુંદર ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થઈને સભા ભરીને બેઠા હતા, પછી પ્રતિષ્ઠિત થયેલ દેવોનું માહાત્મ્ય કહ્યું હતું. ત્યારબાદ દેશ દેશથી પધારેલા હરિભક્તોએ મહારાજની પૂજા કરી હતી.

**'આવી મંદિરમાં સભા ભરે, હરિની પૂજા હરિજન કરે;**
**વસ્ત્ર ભૂષણાદિ ભેટ ધારે, આરતી અતિ હેતે ઉતારે.'** (શ્રીહરિલીલામૃત : ૮/૫૮)

હાલ આ સ્થળે (મંદિરના પાછળ ભાગની પ્રદક્ષિણામાં) છત્રી બનાવીને ભગવાન શ્રીહરિના ચરણારવિંદ પધરાવેલ છે. શ્રીજીમહારાજ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી અને સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું કાંડુ ઝાલીને મંદિરની પ્રદક્ષિણામાં ચોતરફ ફર્યા હતા. અને મંદિરના કાર્યમાં સેવા કરનાર સર્વે જનો ઉપર અતિ પ્રસન્ન થયા હતા.

**'ગુણાતીત મુનિ બ્રહ્મ હાથ, ઝાલી મંદિરમાં ગયા નાથ;**
**રચના જોઇ મંદિર તણી, રીઝ્યા કોટિ બ્રહ્માંડનો ધણી.**
**બેય સદ્‌ગુરુને તેહવાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર;**
**પછી મંદિર માંહિથી જૈને, જોયો જજ્ઞમંડપ રાજી થૈને'** (શ્રીહરિલીલામૃત : ૮/૫૮)



# મંદિરની ઉત્તર તરફના દાદરા પાસે છત્રી

મંદિરના ઉત્તર તરફના દાદરા પાસે હાલમાં છત્રી છે ત્યાં બે આસોપાલવના વૃક્ષ હતા. તેની નીચે શ્રીજીમહારાજ અનેકવાર સભા કરીને બિરાજમાન થયા હતા. આ સ્થળે જૂનાગઢમાંથી કેટલાક કુંડ મતના, કેટલાક ગોલક મતના, કેટલાક ભયંકર વેશવાળા તથા લાલ નેત્રોવાળા મહાકાળીના ઉપાસકો, કેટલાક કાળભૈરવની ઉપાસના કરનારા, કેટલાક લોઢાના ચીપીયાઓ ધારણ કરતા ભયંકર વેશવાળા ખાખી, કેટલાક ભયંકર વિચિત્ર તિલકોવાળા વૈરાગીઓ, શરીરે ભસ્મ ચોપડેલા અતીતો, અભિચારાદિમાં કુશળ મદોદ્ધત જૈનો, મંત્રેલી અડદની મુષ્ટિવાળા, તેમજ અન્ય મંત્રવિદો મોહન, મારણ, ઉચ્ચાટન વગેરે મંત્રોમાં કુશળ; કેટલાક શંકર મતને આશરેલા, કેટલાક વૈષ્ણવ, કેટલાક વામમારગીઓ, કેટલાક દક્ષિણ દેશમાં રહેનારા વગેરે અનેક મતપંથના લોકો સાથે આઠ દિવસ સુધી પ્રશ્નોત્તર અને શાસ્ત્રીય ચર્ચા-વિચારણા થઈ હતી. એના જ અનુસંધાનમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ **'સત્સંગ શિરોમણી'** નામનો ગ્રંથ કરેલો છે. નવાબી રાજ્યના ગવૈયાઓએ આ જગ્યાએ ગાન કર્યું હતું, તેમાંથી મહારાજે એક નામી ગવૈયાને સમાધિ કરાવી તેને સાધુ દીક્ષા આપી **'દેવાનંદ સ્વામી'** નામ પાડ્યુ હતું. સં. ૧૮૬૨ના ચૈત્ર સુદ પૂર્ણિમાનો સમૈયો કરી સંતો-હરિભક્તો સાથે શ્રીજીમહારાજ અનેકરૂપ ધારીને આ સ્થળે સાત થરો રાસ રમ્યા હતા. આ સ્થળની બાજુમાં જે વાવ તેમાં ભગવાન શ્રીહરિએ અનેકવાર સ્નાન અને જળપાન કર્યું છે. હાલ આ સ્થળે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય શ્રી માધવચરણદાસજી સ્વામીએ માણસાના દરબાર વાલેરા વરુને મહિમા કહી છત્રી કરાવી છે.



# મંદિરમાં પ્રસાદીનાં ગરુડજી

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે જૂનાગઢ મંદિરમાં શ્રી રાધારમણ આદિક દેવોની પ્રતિષ્ઠા કરી ત્યારે જમણી બાજુના દેરાના શ્રી રાધારમણ દેવના પ્રવેશદ્વાર પાસે આરસના ગરુડજીની સ્થાપના કરી હતી. તેથી તે ગરુડજી પ્રસાદિના છે.



# મંદિરના મધ્ય શિખરનો પ્રસાદીનો ગોખ

જૂનાગઢ મંદિરના મધ્ય શિખરમાં દક્ષિણ તરફના આ ગોખમાં શ્રીજીમહારાજે બિરાજમાન થઈને ભક્તજનોને દિવ્ય દર્શન આપ્યા હતા. તેમજ તે ગોખમાં બેસીને થાળ પણ જમ્યા હતા.



# શ્રી સભામંડપ

હાલ જ્યાં સભામંડપ છે ત્યાં શ્રીજીમહારાજની આજ્ઞાથી શિખરબધ્ધ મંદિરની સાથે જ સંતો માટે ધર્મશાળા બનાવવામાં આવી હતી. એ જૂની ધર્મશાળાના સ્થાનમાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણ ખંડની બે માળની ચોખંડી વિશાળ નવી ધર્મશાળા બનાવી હતી. સં. ૧૯૨૦ના ભાદરવા સુદ - ૨થી આરંભ કરી સં. ૧૯૨૧ના પોષ સુદ - ૧૫ સુધી અતિ ઝડપથી સાડાચાર મહિનામાં જ સ્વામીએ ધર્મશાળા પૂર્ણ કરી હતી. તે ધર્મશાળામાં થાંભલાના ટેકે, ફાટેલ ગોદડી પર બેસી, ૪૦ વર્ષ-૪ માસ અને ૪ દિવસ સુધી સ્વામીએ આજ્ઞા-ઉપાસનાની વાતોની ઝડી વરસાવી સમગ્ર સોરઠના સત્સંગને અભંગ રંગથી રંગી દીધો હતો. આ ધર્મશાળા ૧૦૬ વર્ષ બાદ સં. ૨૦૨૭ના કાર્તિક વદ - ૯ના રોજ અચાનક અગ્નિકાંડ થતાં એ ધર્મશાળા અદૃશ્ય થઈ ગઈ હતી. હાલ તે સ્થળે સુંદર **'સભામંડપ'** બનાવવામાં આવ્યો છે અને જ્યાં બેસી સ્વામીએ બ્રહ્મજ્ઞાન આપ્યું હતું તે સ્થંભસ્થળે સ્મૃતિરૂપે છત્રી બનાવવામાં આવી છે.

# દરબાર શ્રી ઝીણાભાઈનું દિવાનખાનું



નાગરવાડા તરફના મંદિરના દરવાજાની કમાન નીચે શ્રીજીમહારાજ ઘણીવખત ચાલેલા છે. તેની ઉપર મેડો છે ત્યાં મહારાજે સંતો-પાર્ષદો સહિત ઉતારો કર્યો હતો. તેમજ નીચે ઓરડામાં પણ ઉતારો કર્યો હતો અને થાળ જમ્યા છે, પોઢ્યા પણ છે. આ સ્થળ **'ઝીણાભાઈનું દિવાનખાનું'** એ નામથી પ્રસિદ્ધ છે. તે ઘણું જ પ્રસાદીનું સ્થળ છે. આ દિવાનખાનામાં અનેક પ્રસાદિની વસ્તુઓ રાખવામાં આવી છે. તેમાં અગત્રાઈના પર્વતભાઈને ઘેર શ્રીજીમહારાજ પધારતા ત્યારે પોતાના ગાડામાં મહારાજ અને સંતોને બેસાડી હરવખત ખેતર-વાડી લઈ જતા ને બીજે ગામ મૂકવા જતાં તે મહામુલું **પ્રસાદીનું ગાડું** છે. તેમજ જાળિયામાં ભગવાન શ્રીહરિ બિમારીમાંથી સાજા થઈ ગાડાંમાં બેસી ત્યાંથી ચાલ્યા ત્યારે ગાડું જરા ખખડવા લાગ્યું એટલે મહારાજ કહે : 'આ ગાડામાં કાંઈક દગો છે.' એમ કહીને નીચે ઊતરી ગયા ને કહ્યું : 'ભગુજી ! આ ગાડું સાંકડું છે માટે આનો ઉંટડો ઝાલીને તાણો.' આવી મનુષ્યલીલા કરેલી તે ગાડું પણ પ્રસાદીનું જાણી અહીં રાખવામાં આવ્યું છે. આ સ્થળ મુખ્ય મંદિરના ઉત્તર તરફના દાદરાની સામે જ છે.

# અક્ષર ઓરડી (બાઈઓનું મંદિર)



હાલ જ્યાં બાઈઓનું મંદિર છે તે દરબાર શ્રી ઝીણાભાઈની મેડી કહેવાતી. તેમાં હાલ જ્યાં સિંહાસન છે ત્યાં ભગવાન શ્રીહરિ થાળ જમતા. અને એ જ સ્થળે ઝીણાભાઈ અક્ષરધામ નિવાસી થયા હતા. તેના ઉપરના ભાગને **'અક્ષરઓરડી'** કહેવામાં આવે છે. તેમાં શ્રીજીમહારાજ જ્યારે જૂનાગઢ પધારતા ત્યારે પોઢતા અને સભા કરતા હતા. હાલ આ સ્થાનમાં જૂની અક્ષરઓરડીના બારી-બારણાં વગેરે વસ્તુઓ પ્રાસાદિકરૂપે રાખવામાં આવેલ છે.

# સંતોના ભંડારના ખૂણે ઓટો



બ્રહ્મચારીની ધર્મશાળાના ખૂણાથી (હાલમાં નૂતન પૂજારી નિવાસ અને બ્રહ્મચારી નિવાસથી) ઉગમણી તરફ સાધુના ભંડારને ખૂણે ઓટો છે ત્યાં સુધી શ્રીજીમહારાજે પોતાની મોજડીથી લાંબો લીટો તાણીને કહ્યું હતું કે, 'ઉત્તર તરફ મંદિર કરજ્યો ને દક્ષિણ તરફ સાધુને રહેવાની ધર્મશાળા કરજ્યો.' આમ કહી ત્યાં રેતીમાં સૂતા ને બોલ્યા : 'સાધુઓને આ રીતે જડભરતની પેઠે વર્તવું.' એમઉપદેશ આપ્યો હતો. હાલ આ સ્થળે સ્મૃતિરૂપે ઓટો કરવામાં આવેલ છે.

# સંતોના ભંડારમાં છત્રી



હાલ આ સ્થળ સંતોના ભંડારમાં આવેલું છે. આ સ્થળે શ્રીજીમહારાજ થાળ જમ્યા હતા. તે સ્થળે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય શ્રી માધવચરણદાસજી સ્વામીના સદ્‌ઉપદેશથી સમઢીયાળાના ભોજા ભગતે છત્રી કરાવી છે. ત્યાંથી દસ હાથ દૂર અગ્નિ ખૂણામાં કુવો છે તેમાંથી સંતોએ ત્રાંસમાં જળ લાવી અને પાટલો મૂકીને શ્રીજીમહારાજને સ્નાન કરાવ્યું હતું. પછી તે પ્રાસાદિક જળ કુવામાં નાખ્યું હતું. તે કુવો સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પહોળો કરાવ્યો હતો.



# જૂનાગઢ મંદિરમાં પ્રસાદીની વસ્તુઓ

## જેતપુરમાં ધર્મધુરા સમર્પણ વખતે ઓઢાડેલી શાલ (ચાદર)

સં. ૧૮૫૮ના કારતક સુદ - ૧૧ (પ્રબોધિની)ના રોજ જેતપુરમાં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને પોતાની ધર્મધુરા સોંપી હતી તે સમયે જે શાલ ઓઢાડી હતી તે શાલ પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીના ગાદીવાળા શ્રી વિરજાદેવી (માતુશ્રી)એ ભગવાન શ્રીહરિને વિનંતિ કરીને માગેલી, તેથી શ્રીજીમહારાજે તેમને આપી હતી તે ધર્મકુળ પરંપરામાં આચાર્ય મહારાજશ્રી પાસે હતી તે શાલ શ્રી રાધારમણ દેવ સાર્ધ શતાબ્દી(૧૫૦ વર્ષ) મહોત્સવ પ્રસંગે સ.ગુ. શ્રી ધર્મપ્રકાશદાસજી સ્વામી વગેરે સંતોએ વિનંતિપૂર્વક માંગણી કરવાથી પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા તેમના પૂ. ગાદીવાળા માતુશ્રી દ્વારા આ શાલ જૂનાગઢ મંદિરમાં દર્શનાર્થે પધરાવવા આપી છે. આ રીતે સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી તથા ભગવાન શ્રીહરિની એમ બંનેની પ્રસાદીની વસ્તુ કોઈ હોય તો તે આ એક જ ચાદર છે.

## સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીના ઠાકોરજી

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ પોતાને પૂજવા માટે પંચધાતુની ભગવાન શ્રી સ્વામિનારાયણની જમતી બેઠેલી મૂર્તિ કરાવી હતી. અને જેની આરતી સ્વયં શ્રીજીમહારાજે ઉતારી હતી. તે મૂર્તિ ખાસ દર્શનીય અને ઘણીજ સુંદર છે. વિ.સં. ૧૯૦૬માં સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી છેલ્લીવાર જૂનાગઢ મંદિરે દર્શન કરવા આવેલા ત્યારે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના આગ્રહથી કાયમી યાદી માટે પોતાની પૂજાની તે પ્રસાદીની મૂર્તિ જૂનાગઢ મંદિરમાં આપી હતી. હાલ તે ઠાકોરજી શ્રી રણછોડ-ત્રિકમરાયજી આગળ સિંહાસનમાં દર્શન માટે રાખવામાં આવે છે.

## પીપલાણાવાળી થાળી

સં. ૧૮૫૬માં પીપલાણામાં નરસિંહ મહેતાના ઘેર ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી વેષે પધારીને જુવારનું ધાન દૂધમાં ચોળીને જેમાં જમ્યા હતા તે પ્રસાદીની પીત્તળની મોટી થાળી હાલ જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં ભક્તજનોના દર્શન માટે રાખવામાં આવી છે.

## ધોરાજીવાળો સુરતી મુગટ

સં. ૧૮૬૩માં શ્રીજીમહારાજે ધોરાજીમાં લાલવડ નીચે ફૂલદોળનો સમૈયો કર્યો ત્યારે સુરતના સંઘે સૌથી પ્રથમ મુગટ ધરાવ્યો હતો. જેની નોંધ પ.પૂ. ધુ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં લેતા કહે છે :-

**'માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો;**
**પેલવેલો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર.'** (શ્રીહરિલીલામૃતઃ૬/૧૫/૫૯)

તે ભગવાન શ્રીહરિએ જીવુબાને આપેલો. જૂનાગઢ મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી છ માસ બાદ સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ગઢપુર ગયા હતા ત્યારે શ્રીજીમહારાજે તેઓને પૂછ્યું : ''કેમ સ્વામી ! દેવોને વસ્ત્ર-આભુષણ થઈ ગયા છે ને ?'' ત્યારે સ્વામીએ કહ્યું : ''હા, કૃપાનાથ ! બધા દેવોને વાઘા તો થઈ ગયા છે, પરંતુ એક સિદ્ધેશ્વર મહાદેવને મુગટ નથી.'' પછી શ્રીજીમહારાજે જીવુબા પાસેથી ધોરાજીમાં સુરતના સંઘે આપેલો મુગટ મંગાવી સ્વામીને આપ્યો હતો. પહેલા એ મુગટ સિદ્ધેશ્વર મહાદેવને પ્રતિદિન ધરાવતા હતા. પછી ખાસ પ્રસાદીનો જાણી જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં પધરાવેલો છે.

### નામાનો ચોપડો

સં. ૧૮૮૨ માગશર વદ - ૧૩ના રોજ જૂનાગઢમાં શિખરબધ્ધ મંદિરનું ખાતમુહૂર્ત થયેલું તે દિવસથી જ નામું લખવાનું શરું કર્યું હતું. તે નામાનો ચોપડો ભગવાન શ્રી સ્વામિનારાયણના હસ્તકમળથી સ્પર્શ પામેલો છે, તેથી પ્રસાદીનો જાણી જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલો છે.

### ઉત્સવના કીર્તનનો ચોપડો

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ ધોલેરા મંદિર માટે ઉત્સવના કીર્તનનો ચોપડો પોતે જાતે લખેલો હતો. તેઓએ શ્રીજીમહારાજને તે ચોપડો પ્રાસાદિક અર્થે આપ્યો ત્યારે એજ વખતે સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના દર્શન કરવા માટે આવ્યા. તે ચોપડો જોઈ સ્વામીએ પૂછ્યું : ''મહારાજ ! એ શું પુસ્તક છે ?'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''એ તો ધોલેરા મંદિર માટે અમે ઉત્સવના કીર્તનનો ચોપડો લખાવ્યો છે.'' પછી સ્વામીએ આગ્રહથી જૂનાગઢ મંદિર માટે માંગણી કરી, તેથી શ્રીજીમહારાજે તે ચોપડો જૂનાગઢ મંદિર માટે સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને આપ્યો હતો. હાલ તે ચોપડો જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલો છે.

### સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીનો ચોપડો

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ જૂનાગઢ મંદિરમાં કેટલોક સમય રહી નાગર સદ્‌ગૃહસ્થોનું એક ઉત્સવ મંડળ તૈયાર કર્યું હતું. તેમાં સત્સંગી ચકુભાઈ (જયશંકર અમરજી) સ્વામી પાસે શાસ્ત્રીય સંગીત શીખ્યા હતા. એ વખતે પ્રેમાનંદ સ્વામીએ તેમને કીર્તનનો ચોપડો આપ્યો હતો. હાલ તે ચોપડો જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલો છે.

### પંચાળાના રાસનો જામો

સંપ્રદાયમાં **'પંચાળાનો રાસ'** અતિ પ્રસિદ્ધિને પામ્યો છે. સં. ૧૮૭૯માં પંચાળા દરબાર શ્રી ઝીણાભાઈના ભાવભર્યા આમંત્રણથી અને અતિ આગ્રહથી શ્રીજીમહારાજે પંચાળામાં હુતાશનીનો મોટો સમૈયો કર્યો હતો. તે સમયે પંદર હાથના ઘેરાવાવાળો ખૂબ લાંબી બાંયોનો જામો પહેરી શ્રીજીમહારાજ, સંતો-હરિભક્તો સાથે રાસ રમ્યા હતા. તે જામો દરબાર શ્રી ઝીણાભાઈના બહેન અદીબાએ સાચવી રાખેલો હતો. પછી તેઓએ જૂનાગઢ મંદિરમાં અર્પણ કર્યો હતો. હાલ તે જામો જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલો છે.

**'તહાં ફાગણી પુનમરાતે, રમ્યા રાસ પ્રભુ ભલી ભાતે;**
**વડનું ઝાડ સુંદર ભાળી, સંત સાથે ફર્યા પાડી તાળી.'** (શ્રીહરિલીલામૃત : ૭/૮૩/૩૦)

### જૂનાગઢ મંદિર પ્રતિષ્ઠાની આરતી

સં. ૧૮૮૪ના વૈશાખ વદ -૨ (તા. ૧-૫-૧૮૨૮, ગુરુવાર)ના રોજ જૂનાગઢ મંદિરમાં શ્રી રાધારમણ દેવ આદિક દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે આરતી ઉતારેલી હતી તે આરતી હાલ જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલી છે.

### ધ્યાન પાવડીઓ (નંગ-૨)

૧. સં. ૧૮૫૬માં ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણીવેષે લોજમાં રહીને સંતોને યોગાભ્યાસ કરાવેલો તે વખતે માંગરોળના આણંદજી સંઘેડીયાએ સંતોને ધ્યાન કરવામાં ઉપયોગ આવે તે માટે ધ્યાનપાવડી આપી હતી તે પાવડી અને ૨. સં. ૧૮૮૬ના છેલ્લી વખતે શ્રીજીમહારાજે છ માસ બીમારી સ્વીકારેલી હતી ત્યારે દાદાખાચરે સોનાની ઘુઘરીઓવાળી ધ્યાન પાવડી કરાવી આપી હતી. તે બાવાખાચર પાસે હતી. તેઓએ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને આપી હતી. હાલમાં આ બંને ધ્યાન પાવડીઓ જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલી છે.

### ડોલીની વળી

સં. ૧૮૭૦માં વરજાંગ જાળિયામાં ભક્તજનોની કસોટી કરવા શ્રીજીમહારાજે મંદવાડ ગ્રહણ કર્યો હતો. એક માસ સુધી બિમારી ગ્રહણ કરીને સાજા થઈને જાળિયાથી ગાડાંમાં બેસી ચાલ્યા, પરંતુ તે ગાડાંમાં ફાવ્યું નહિ. પછી ડોલીમાં વિરાજમાન થઈને ઉપલેટા પધાર્યા હતા. તે પ્રાસાદિક ડોલીની વળી જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલી છે.

### દાદાખાચરવાળી ચાખડીઓ

ગઢપુરના દરબાર મહામુક્તરાજ શ્રી દાદાખાચરે શ્રીજીમહારાજને સોનાની ઘુઘરીઓવાળી ચાખડીઓ કરાવી આપી હતી. તે ચાખડીઓ મહારાજ પહેરતા હતા. પછી મહારાજ સ્વધામ સિધાવ્યા બાદ તે ચાખડીઓ બાવાખાચર પાસે હતી. તેઓ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને આપી હતી, તેથી જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલી છે.

### અન્ય પ્રસાદીની વસ્તુઓ

જૂનાગઢ મંદિરમાં પ્રસાદીના સંગ્રહસ્થાનમાં ઉપરોક્ત વસ્તુઓ સિવાય અનેક ચરણારવિંદો તેમજ બીજી ઘણી વસ્તુઓ રાખવામાં આવી છે. આ સંગ્રહાલય મંદિરના રંગમંડપની બાજુમાં ઉત્તર તરફના દરવાજા પાસે આવેલું છે.

# જૂનાગઢ શહેરમાં આવેલા પ્રસાદીનાં સ્થાનો





## રેંટવાળી અવેડાની વાવ

**'પુર પાસે અવેડાની વાવ્ય, તહાં ઉતર્યા મનોહર માવ;**
**રામજીભાઇ નાગર નાતે, આવ્યા સામૈયું લૈ ભલી ભાંતે.'**

(શ્રીહરિલીલામૃત : ૬/૨૩)

કાળવા દરવાજા પુલ પાસે જ પશ્ચિમતરફ એક વાવ આવેલી છે. તે પ્રથમ 'રેંટવાળી' અવેડાની વાવ કહેવામાં આવતી હતી.તેમાં શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત ઘણીવાર સ્નાન તેમજ ભોજન-જળપાન કરેલું છે અને ત્યાં વૃક્ષો નીચે સભા કરી જ્ઞાનોપદેશ આપ્યો હતો. જૂનાગઢના નાગર સત્સંગી હરિરામભાઈને ત્યાં ભાગવતી દીક્ષા આપી 'માધવાનંદ' નામના દંડી સંન્યાસી બનાવ્યા હતા.

**'ત્યાંના વાસી નાગર હરિરામ, કર્યા સંન્યાસી તેને તે ઠામ.'**



## શ્રી બ્રહ્મકુંડ

આ સ્થળે ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે પધાર્યા હતા. તેમાં સ્નાન કર્યું હતું. તેમજ મહારાજ સત્સંગમાં રાજાધિરાજ થયા પછી પણ સંતો-ભક્તો સહિત આ સ્થાનમાં પધારી સ્નાનાદિક કર્યું હતું. તેથી તે મહા પ્રાસાદિક છે. હાલ આ કુંડમાંથી જૂનાગઢ શહેરના અમુક વિસ્તારમાં પાણી પૂરુ પાડવામાં આવે છે. આ સ્થળ વંથલી-જૂનાગઢ રોડ ઉપર બહાઉદ્દીન કોલેજની સામેથી અંદરના ભાગે આવેલું છે.



## શ્રી ભૂતનાથ મહાદેવ

આ સ્થાન અતિ પ્રાચીન અને પૌરાણિક છે. મહાશિવરાત્રિ મેળાનો પ્રારંભ પણ આ સ્થળેથી જ થાય છે. મહારાજે નીલકંઠ વર્ણીવેષે પધાર્યા હતા ને એક રાત્રિ આ સ્થાનમાં નિવાસ કર્યો હતો અને મહાદેવની પૂજા કરી હતી. આ સિવાય શ્રીજીમહારાજ રાજાધિરાજ થયા પછી પણ પાંચ વખત આ સ્થાનમાં પધાર્યા છે. આ સ્થાન વંથલી-જૂનાગઢ રોડ ઉપર બહાઉદ્દીન કોલેજની સામેથી અંદરના ભાગે આવેલું છે.



## ધર્મઅવેડાની વાવ

આ સ્થાનમાં શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત પધાર્યા હતા અને સ્નાન-જળપાન કર્યું હતું. તેમજ મહારાજે અહીં સભા ભરીને ભક્તજનોને જ્ઞાનોપદેશ આપ્યો હતો. હાલ આ વાવમાંથી જૂનાગઢ શહેરના અમુક વિસ્તારમાં પાણી પૂરુ પાડવામાં આવે છે. આ સ્થળ શહેરથી દક્ષિણ બાજુ વંથલી-જૂનાગઢ રોડ ઉપર બહાઉદ્દીન કોલેજથી અંદર વિવેકાનંદ સ્કુલની પાસે આવેલું છે.



## રાયણવાળો ધુનો-ખળખળિયો ધૂનો

આ બંને સ્થાન કાળવા નદીના કાંઠે પાસે પાસે આવેલા છે. રાયણવૃક્ષ ઉપર ચડીને નીચે ધુનામાં ધુબકા મારીને મહારાજે સ્નાન કર્યું હતું. તેમજ શ્રીજીમહારાજે પોતે અષ્ટાંગયોગની ક્રિયાઓ કરી બતાવી સંતોને યોગની પ્રક્રિયાઓ શીખવી હતી. **'યોગધારણા તે નદી તીરે, સંતને શીખવી નરવીરે; દેખાડ્યો બહુ ચમતકાર, જને જાણ્યો પ્રતાપ અપાર.'** (શ્રીહરિલીલામૃત : ૬/૨૩) કાળવા નદીને સામે કાંઠે સાગના વૃક્ષનું જંગલ છે. ત્યાં એકવાર ચોમાસામાં ભગવાન શ્રીહરિએ સાગનું મોટું પાન ઓઢી સૌને દિવ્ય દર્શન આપ્યા હતા. આ સ્થળની બાજુમાં જ પંચેશ્વર મહાદેવ છે, તેનું પૂજન મહારાજે કર્યું હતું.



## શ્રી હાટકેશ્વર મહાદેવ

**ત્યાંથી અન્ન મળ્યું નહિ જ્યારે, હાટકેશ્વરમાં ગયા ત્યારે;**
**આવ્યો નાગર દર્શન કાજ, તેણે દીઠા તપસ્વીરાજ.**
**જાણ્યા જોગીને વિદ્વાન જેવા, પૂછ્યા પ્રશ્ન પરીક્ષા તે લેવા;**
**દશ પ્રશ્નના ઉત્તર બેજ, ઉભી પંક્તિ કરી લખ્યા એ જ.**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

ગોધાવાવની જગ્યામાં નીલકંઠ વર્ણીને સાત વખત ઊઠાડ્યા તે જોઈ હાટકેશ્વર મંદિરના પૂજારી (એક નાગર બ્રાહ્મણ) પોતાની જગ્યામાં તેડી ગયા હતા. પછી પૂજારીએ મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીની પરીક્ષા કરવા માટે દશ પ્રશ્નો પૂછ્યા. તેના ઉત્તર વર્ણીવેશે રહેલા ભગવાન શ્રીહરિએ (૧) ગિરનાર અને (૨) રામાનુજ આ બે શબ્દોથી, પાસે પાસે ઊભી પંક્તિ કરીને તેના તમામપ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. (આ પ્રશ્નોને વધુ વિગતવાર સમજવા માટે જુઓ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંક, ઓગષ્ટ-૨૦૦૮, પેજ નં. ૧૬) પછી પૂજારીએ મહારાજને મહાપુરુષ જાણીને પોતાના ઘેરથી શીરોપુરી લાવીને હેતથી જમાડ્યા હતા.

**તેના મુખથી સુણ્યો ઉપદેશ, થયો ધર્મનો મનમાં પ્રવેશ;**
**ઘેર જૈ શીરોપુરી કરાવી, હેતે હરિને જમાડીયા લાવી.**
**તેને રાત્રિ વિષે મુનિભૂપે, દીધું દર્શન શંકરરૂપે; હાટકેશ્વરમાં રહ્યા રાત, ભૂતનાથે પધાર્યા પ્રભાત. હાટકેશ્વરમાં રહ્યા રાત, ભૂતનાથે પધાર્યા પ્રભાત. ભૂતનાથે પધાર્યા પ્રભાત.**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

આ સ્થાનમાં રાજાધિરાજ થયા પછી પણ શ્રીજીમહારાજ પધાર્યા છે અને ત્યાંના નાગર બ્રાહ્મણ પૂજારીને પાંચસો કોરી કન્યાદાન માટે આપી હતી. તેમજ હાટકેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કર્યું હતું. તેથી આ સ્થાન મહાપ્રાસાદિક છે.



## શ્રી હેમજા માતાજીનું મંદિર

ભક્તરાજ શ્રી નરસિંહ મહેતાના ચોરાની સામે હેમજા માતાજીનું મંદિર આવેલું છે. અહીં શ્રીજીમહારાજે મંદિરમાંથી ખીચડીના ચરુ (વાસણ) લઈ જઈને સંતો-હરિભક્તો અને કાઠી સખાઓને ખૂબ જમાડ્યા હતા. તેથી આ મંદિર પણ મહારાજના ચરણકમળથી પ્રાસાદિક થયેલ છે.

# શ્રી નરસિંહ મહેતાનો ચોરો





મજેવડી દરવાજાની અંદર, સુખનાથ ચોકથી ડાબે રસ્તે જતાં આ સ્થાન 'ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાનો ચોરો' આવે છે. આ સ્થાનમાં નરસિંહ મહેતા ભજન-કીર્તન કરતા અને ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય એવા કેદાર રાગના સૂરથી શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વયં હાજર થઈ તેઓ સાથે રાસ રમતા. આ સ્થાનમાં દામોદરરાયજી, શામળા ગિરધારી, લાલજી પ્રભુ, મદનમોહનજી વગેરે મૂર્તિઓના દિવ્ય દર્શન થઈ રહ્યા છે. જૂનાગઢમાં ઈ.સ. ૧૪૫૧ના રાજા રા'માંડલિકના શાસનકાળ દરમ્યાન ભક્ત નરસિંહ મહેતા નિવાસ કરીને રહેતા હતા. આ ચોરામાં શ્રીજીમહારાજ પધારી રાસઓટા ઉપર બિરાજમાન થઈને ચોરાના પૂજારીને સમાધિ કરાવી રાસમંડળના દર્શન કરાવ્યાં હતા. આ સ્થળ ખૂબ જ પ્રસિદ્ધ છે, માટે જરૂર દર્શન કરવા જવું.

# મજેવડી દરવાજો અને વાવ



રાજકોટથી જૂનાગઢ આવતા આ મજેવડી દરવાજો આવે છે. ધોરાજીથી શ્રીજીમહારાજ (સં. ૧૮૬૩માં) જૂનાગઢ પધાર્યા હતા ને મજેવડી દરવાજાથી આથમણીકોરે વિસારત બાગ (હાલ સક્કરબાગ-પ્રાણીસંગ્રહાલય) છે ત્યાં ઉતારો કર્યો હતો. ગામમાંથી નવાબી શાહીઠાઠસામાન સાથે દરબાર શ્રી ઝીણાભાઈ આદિક ભક્તો સામૈયું લઈને આવ્યા હતા. અને આ દરવાજા ઉપર સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી આદિક સંતો-ભક્તો ઊભા રહીને શ્રીજીમહારાજ અને સંઘ ઉપર પુષ્પવૃષ્ટિ કરી હતી. મહારાજે પણ આ દરવાજા ઉપર પધારીને પ્રાસાદિક કરેલો છે. મજેવડી દરવાજાથી આથમણીકોરે એક વાવ છે તે શ્રીજીમહારાજની પ્રસાદીની છે. તેમાં સંતો-ભક્તો સહિત સ્નાન કર્યું છે ને ત્યાં આંબલીના વૃક્ષ નીચે મહારાજ સભા કરીને બિરાજમાન થયા હતા.

# શ્રી બુઢેશ્વર મહાદેવ



આ બુઢેશ્વર મહાદેવનું મંદિર માંગનાથ રોડ ઉપર આવેલું છે. શ્રીજીમહારાજ જ્યારે જૂનાગઢ પધાર્યા ત્યારે રાજ્યના દીવાન શ્રી લક્ષ્મીશંકરભાઈ હતા. તેઓ પોતાની સ્વતંત્ર માલિકીના આ બુઢેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન શ્રીહરિની પધરામણી કરાવીને ખૂબ ભેટો ધરીને ષોડ્શોપચારે પૂજા કરી હતી. એમની ભાવનાથી પ્રસન્ન થઈને મહારાજે દીવાન સાહેબને પોતાની પ્રસાદીનું છત્ર ભેટ આપ્યું હતું. એ દશાવતારની મૂર્તિઓવાળું છત્ર વેરાવળના ઘીવાળા શેઠ રતીલાલ જાદવજીએ દીવાનજીના વંશજો પાસેથી મેળવીને જેતપુર મંદિરમાં પધરાવ્યું છે.

આ બુઢેશ્વર મહાદેવનો **ઈતિહાસ** ખાસ મહત્ત્વનો છે : જૂનાગઢ નાગર જ્ઞાતિમાં સુપ્રસિદ્ધ અમરજી દીવાનના નાના રાજા છબીલારામ બહાદુર કહેવાતા હતા. તેઓએ સૂબા તરીકે કેટલાયે રાજ્યોમાં મહત્ત્વના કાર્યો કર્યા હતા. એમને એક રાજ્ય તરફથી કિંમતી શિવલિંગ ભેટ મળેલ તે એમણે અમરજી દીવાનને આપ્યું. એમના પુત્ર રણછોડજી દીવાન તેની પૂજા કરતા ને પછી તેમના વારસદાર લક્ષ્મીશંકર દીવાન પૂજા કરતા. પરંતુ પોતે ચુસ્ત કૃષ્ણભક્ત હતા એટલે હંમેશા નિયમિત હવેલીમાં દર્શન કરવા જતા. પણ ત્યાં ખૂબ ઉતાવળથી દર્શન બંધ થઈજાય, એમબે-ત્રણ વખત તેઓને દર્શન થયા નહિ. તેથી એ લક્ષ્મીશંકર દીવાનજીએ પોતાને ઘેર જે બુઢેશ્વરની પૂજા થતી હતી તે સેવા-પૂજા એમણે વૈષ્ણવી પદ્ધતિ પ્રમાણે શરૂ કરી. દરરોજ આરતી, ભોગ, શ્રૃંગાર તથા હિંડોળા, અન્નકૂટ વગેરે બધા તહેવારો અત્યાર સુધી દર વર્ષે વિધિથી ઉજવાય છે. આ પ્રકારે સમગ્ર ભારતમાં શિવપૂજા વૈષ્ણવી રીતે આ એકજ મંદિરમાં થાય છે. તેથી આ હેતુથી શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા હતા.

## નવાબનો રાજ્યમહેલ (રંગમહેલ)



બાબી બહાદુર નવાબ સરકાર હામદખાનજી પહેલાના આમંત્રણથી શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત તેમના રાજ્યમહેલમાં પધાર્યા હતા. એ સ્થળ હાલમાં **રંગમહેલ** તરીકે ઓળખાય છે, પરંતુ તેમાં સરકારી સ્કુલ ચાલે છે.

જૂનાગઢમાં ભગવાન શ્રીહરિની નવગજા હાથી ઉપર ભવ્ય સવારી નીકળેલી ત્યારે આ મહેલ પાસે આવ્યા ત્યારે નવાબે કહ્યું : **'કિસકા નગારા બજતા હૈ.'** ત્યારે કોઈકે કહ્યું : 'એ તો ઓલીયા પુરુષ કા હૈ.' **'તબ તો બહુત અચ્છા.'** પછી મહારાજને માળીએ કાકડી આપી તે બે બાજુથી જમતા જાય. નવાબે આ દર્શન કર્યા ને કહે : **'આ તો ખુદાતાલા અલમસ્ત હૈ.'**

# ગિરનાર પર્વત જતાં માર્ગમાં આવતાં પ્રસાદીનાં સ્થાનો

## ગોધાવાવની જગ્યા



**'ગયા નાથ ગોધા વાવ જ્યાં છે, ધર્મદાસ તણી જગ્યા ત્યાં છે;**
**થતું ત્યાં હતું બ્રહ્મ ભોજન, બેઠા ત્યાં જઇ જગજીવન.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

આ ગોધાવાવ પાસે ધર્મદાસની જગ્યામાં શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીવેષે પધાર્યા હતા. ત્યાં વાવમાંથી જળપાન કરી અને ઠાકોરજીના દર્શન કરી લીંબવૃક્ષ નીચે બિરાજમાન થયા હતા ત્યારે ત્યાં બ્રહ્મભોજન થઈ રહ્યું હતું. તેમાં કોઈના કહેવાથી મહારાજ જમવા બેઠા, પરંતુ અન્ય પીરસનારાઓએ એક સ્થળેથી બીજે - બીજેથી ત્રીજે એમ સાત વખત બેસાર્યા ને ઊઠાડ્યા. છેવટે ત્યાંથી ભોજનનો ત્યાગ કરી હાટકેશ્વર મંદિરમાં પધાર્યા હતા. હાલમાં સ્થાનમાં નીલકંઠ વર્ણીના દિવ્ય સ્પર્શથી પવિત્ર થયેલી ગોધાવાવ, ઠાકોરજી અને લીંબવૃક્ષ સર્વેજનોને દર્શન આપી રહ્યા છે. જૂનાગઢ દર્શનાર્થીએ જરૂરથી આ ગોધાવાવ જગ્યાના દર્શન કરવા જવું.

## સમ્રાટ અશોકનો શિલાલેખ



શ્રીજીપ્રાસાદિક રાયણના વૃક્ષથી થોડે દૂર ઈ.સ. પૂર્વેના ૨૭૬ વર્ષ પહેલાના ચક્રવર્તી સમ્રાટ રાજા અશોકનો પ્રખ્યાત શિલાલેખ આવેલ છે. શિલાલેખ ઉપર નવાબ રસુલખાનજીએ સુંદર સ્મારક બંધાવ્યું છે. અશોક રાજાએ પોતાના પરાક્રમથી ભયંકર લડાઈ કરી કલિંગ દેશ જીત્યો પણ લડાઈની પાયમાલી જોઈને બેચેન થઈ ગયા. પછી બૌદ્ધ ધર્મ સ્વીકારી ને લડાઈ બંધ કરી અને ધર્મપ્રચારમાં કાર્યરત થયા. તેમણે આનંદદાયક પર્યટન સ્થાનો ઉપર પવિત્ર બોદ્ધધર્મના વિચારો પ્રસરાવવા શિલાલેખો તૈયાર કરાવ્યા. તે પ્રમાણે જૂનાગઢ પણ અતિ પ્રાચીન યાત્રાસ્થાન હોવાથી અશોક રાજાએ આ શિલાલેખ કરાવ્યો હતો. આ સ્થાને શ્રીજીમહારાજ સંતો-ભક્તો સહિત પધાર્યા હતા. તેથી આપણા માટે તે પ્રાસાદિક સ્થળ છે.

## રાયણનું વૃક્ષ



જૂનાગઢ મંદિરથી તળેટીમાં ગિરનાર પર્વતને માર્ગ જતા રસ્તામાં ડાબી બાજુ આ રાયણનું મોટું વૃક્ષ આવે છે, તેની ડાળ ઝાલીને ભગવાન શ્રીહરિએ સંતો-ભક્તો સહિત વિશ્રાંતિ લીધી હતી. અને ત્યાંથી સોનરખ નદીમાં નીચે ઊતરીને હાથીના આકાર જેવા પથ્થર ઉપર બેસીને સ્નાન કર્યું હતું.

## પથ્થરની શિલા (શ્રી રાધાદેરી પાસે)



રાધાદેરી પાસે પશ્ચિમભાગે મોટા પુલથી નીચે રસ્તા પર ઉત્તર દિશા તરફ સોનરખ નદીને કાંઠે એક મોટી પથ્થરની શિલા છે. તેના ઉપર બિરાજમાન થઈને શ્રીજીમહારાજે મુંડન કરાવ્યું હતું. (આ સ્થાનને બહુ ઓછા ભક્તજનો જાણતા હશે. કારણ કે, ત્યાં કાંઈ સ્મૃતિરૂપે કરવામાં આવ્યું નથી.)

## શ્રી રાધાદેરી



વળી ત્યાં થકી પશ્ચિમ પાસ, વસ્યા દેરી વિષે રાત વાસ;<br>
રાત અરધી જતાં વાઘ આવ્યો, પ્રભુમાં તેણે પ્રેમ ઠરાવ્યો.<br>
પ્રભુપાસે રહ્યો આખી રાત, જન જોવા મળ્યા પરભાત;<br>
વાઘ જોઇ રહે હરિ સામે, જન જોઇને અચરજ પામે.<br>
પછી શ્રીહરિએ સાન કરી, ગયો વનમાં પ્રદક્ષિણા ફરી;<br>
દામોદરજીના પુજારી જેહ, તેણે દીઠો ચમતકાર તેહ.

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

અશોક શિલાલેખથી આગળ જતાં સોનરખ નદીના જમણી બાજુના કાંઠા ઉપર આ રાધાદેરી સ્થાન આવે છે. અહીંયા ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે પધાર્યા હતા અને ત્રણ રાત્રિ સુધી નિવાસ કરીને રહ્યા હતા. અહીં વર્ણીવેષે શ્રીજીમહારાજના નિવાસ દરમ્યાન રાત્રિને વિષે સિંહ આવેલો તેને ઓઠીંગણે વર્ણી આખી રાત ધ્યાનમાં બેઠા હતાં. આવો અદ્‌ભુત પ્રતાપ જોઈને સહુ કોઈ તીર્થવાસીઓ આશ્ચર્ય પામ્યા હતા. ભગવાન શ્રીહરિનું આ દિવ્ય ચરિત્ર સંપ્રદાયના શ્રીહરિલીલામૃત આદિક શાસ્ત્રોમાં સવિસ્તારથી કહેવામાં આવ્યું છે, પરંતુ આ અંકમાં અવકાશ સીમિત હોવાથી ટૂંકમાં આલેખવામાં આવેલ છે.

## રેવતીકુંડ



પછી રેવતીકુંડમાં નાહ્યા, કુંડ પાવન કરવા ચહાયા.

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

દામોદર કુંડ ઉપરના પુલની સામે પાર થતાં કુમુદ પર્વત નીચે રેવતીકુંડ આવે છે. શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણીવેષે અહિં સ્થાનમાં પધારી સ્નાન કર્યું હતું. તેમજ રાજાધિરાજ થયા પછી પણ રેવતીકુંડમાં સ્નાન કર્યું છે. જેની નોંધ લેતા પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં લખે છે : "...ભગવાન શ્રીહરિએ દામોદર કુંડની સમીપે **રેવતી કુંડ** તીર્થમાં ભકત સમૂહની સાથે તીર્થ વિધિથી સ્નાન કર્યું..." (શ્રીહરિલીલાકલ્પકરુ : ૨૯/૪૧)





# દામોદર કુંડ તથા શ્રી દામોદરજી મંદિર

**'ભલી રીતે પ્રથમ ભગવાન, કર્યું કુંડ દામોદરે સ્નાન;**
**દામોદરજીને મંદિર જઈ, કર્યા દર્શન હર્ષિત થઈ. કર્યા દર્શન હર્ષિત થઈ.**
**ત્યાંના પૂજારીએ કરી સેવા, જાણી હરિને મહાજોગી જેવા.'** (શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે ગિરનાર પર્વતની યાત્રા પૂર્ણ કરીને દામોદર કુંડે પધારીને સ્નાન કર્યું હતું. તેમજ દામોદર મંદિરમાં જઈને શ્રી રાધા-દામોદરરાયજીના દર્શન કર્યા હતા. અને નીલકંઠ વર્ણીએ દામોદર મંદિરના પૂજારીને દામોદરરૂપે દર્શન આપ્યા હતા. વર્ણીવેષે રહેલા ભગવાન શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ જોઈને પૂજારીએ ત્રણ દિવસ સુધી જમાડ્યા હતા.

'ततो दामोदरस्येक्षां पूजनं च चकार सः ।' - ભગવાન શ્રીહરિએ દામોદર નામના શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન કર્યાં અને વિધિપુરઃસર પૂજા કરી. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૩/૨૨) સત્સંગમાં રાજાધિરાજ થયા પછી પણ મહારાજે આ સ્થાનમાં પધારીને શ્રી રાધા-દામોદરરાયજીના દર્શન અને સ્નાન કરીને બ્રાહ્મણોને દક્ષિણાઓ આપી રાજી કર્યા હતા. જેની નોંધ લેતા પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં લખે છે : "...પછી બ્રાહ્મણો શ્રીહરિના ભાલમાં સુંદર કુમકુમનો ચાંદલો કરવા લાગ્યા. દાનમાં નિપુણ શ્રીહરિએ બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી. ભકતોથી વીંટાએલા શ્રીહરિ **દામોદર ભગવાનના મંદિર**માં જઈને તેમની આગળ રૂપા મહોરો મૂકીને ભગવાનના દર્શન કરવા લાગ્યા..." (શ્રીહરિલીલાકલ્પતરુ : ૨૯/૪૬-૪૭)

**દામોદર કુંડ માહાત્મ્ય :-** એક વખત બ્રહ્માજીને યજ્ઞ કરવાની ઈચ્છા થતાં શ્રી ગિરનારજીની ગિરીકંદરાના રેવતાચલ ક્ષેત્રમાં યજ્ઞ કરવા માટે તેઓએ ઋષિઓ તથા દેવોને બોલાવ્યાં. અહીં સાયંકાળ થતાં ઋષિઓએ પોત પોતાના જ તીર્થ જળમાં સ્નાન કરવાની તૈયારી કરી. તેથી બ્રહ્માજીએ સઘળાં તીર્થો તથા દેવોને બોલાવ્યાં. બ્રહ્માજીની આજ્ઞા થતાં સર્વે અહીં આવ્યા ને તે જળ વિષે બ્રહ્માજીએ પોતાનાં કમંડળમાંથી ગંગાજી પધરાવ્યાં. તે દિવસથી તે સ્થળે ગંગા, યમુના, તાપી, સરસ્વતી, નર્મદા, કાવેરી, ક્ષિપ્રા, સરયૂ, ગંડકી, ગોદાવરી વગેરે તમામતીર્થો તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અને ઈન્દ્ર વગેરે દેવતાઓ તે સ્થાને વાસ કરવા લાગ્યાં. તે સ્થાને તમામદેવો તથા તીર્થોને જોઈને ઋષિમુનિઓ બહુ પ્રસન્ન થયા અને બ્રહ્માજીની આજ્ઞાથી યજ્ઞ પૂર્ણ કર્યો. તે દિવસથી તે તીર્થજળનું નામ **'બ્રહ્મકુંડ'** થયું. બ્રહ્માજીનો યજ્ઞ સંપૂર્ણ થતાં સર્વે દેવતાઓ પોતાના સ્થાનકે ચાલ્યા ત્યારે બ્રહ્માજીએ ભગવાન વિષ્ણુ પાસે તે તીર્થમાં વાસ કરવાનું વચન માગ્યું. તેથી ભગવાન વિષ્ણુ **રાધા-દામોદર** સ્વરૂપે ત્યાં બિરાજમાન થયા અને **'દામોદર કુંડ'** તરીકે આ તીર્થ પ્રસિદ્ધ પામ્યું. હાલમાં દામોદરકુંડના કાંઠે **શ્રી રાધા-દામોદરજી** અને **રેવતી-બળદેવજીનું મંદિર** છે. આ મંદિર ૪૫૦૦ વર્ષનું પ્રાચીન માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીની પાંચમી પેઢીએ વજનાભ નામના રાજાએ ૮૪ સ્થંભ યુક્ત અને ત્રણ માળનું આ મંદિર બંધાવ્યુ હતું. મંદિરનો જીર્ણોદ્ધાર સકંદગુપ્તે (ક્ષત્રીય રાજાએ) ૪૬૨ની સાલમાં કર્યો હતો. પરંતુ દામોદરજીનું સ્વરૂપ સાડાચાર હજાર વર્ષનું પ્રાચીન છે. આ સ્થાનમાં ભક્તશિરોમણી શ્રી નરસિંહ મહેતા રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં શહેરમાંથી સ્નાન કરવા આવતા ને સ્નાન કરી મંદિરમાં બેસી શ્રી દામોદરરાયની આરાધના કરતા હતા. શ્રી દામોદરભગવાને નરસિંહ મહેતાના બાવન કાર્યો કર્યા હતાં, જેમાં હાર આપ્યો, કુંવરબાઈનું મામેરું, હુંડી સ્વીકારી, પિતાનું શ્રાદ્ધ કર્યું વગેરે ઐશ્વર્યપ્રતાપો પ્રસિદ્ધ છે. આ સ્થાનની બાજુમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યની ૬૪ બેઠક આવેલી છે. અહીં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ સંતો-ભક્તો સાથે અવાર-નવાર સ્નાન-દર્શન કરવા પધારતા હતા.

## મુચુકુંદ મહાદેવની ગુફા



'એમ ઉચ્ચરી ત્યાંથી સિધાવ્યા, મુચુકુંદની જગ્યાયે આવ્યા. (શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

રેવતીકુંડથી થોડે આગળ જતાં આ શ્રી મુચુકુંદ મહા દેવની ગુફા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ રાજા મુચુકુંદના હસ્તે મહાદેવજીની સ્થાપના કરાવી હતી. તેમજ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ ગુફાની અંદર નીલકંઠ મહાદેવની સ્થાપના કરી હતી. આ સ્થાનમાં ભગવાન શ્રીહરિ પધારીને આ તીર્થને તીર્થત્વ આપ્યું હતું. તેથી આ સ્થળ પ્રાસાદિક છે.

## શ્રી બ્રહ્મેશ્વર મહાદેવ



દામોદર કુંડના દર્શન કરીને આગળ જતાં ખાખ ચોકમાં આ બ્રહ્મેશ્વર મહાદેવનું મંદિર આવે છે. આ મંદિર ત્રણ શિખરયુક્ત અને કલાત્મક નકશીકામ યુક્ત અતિ પ્રાચીન છે. આ સ્થાનમાં શ્રીજીમહારાજ રહ્યા હતા ને તે મંદિરના શિખર જોઈને સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને તેવા શિખર જૂનાગઢ મંદિરના કરવા આજ્ઞા કરી હતી. તેથી આ સ્થળ પ્રાસાદિક છે.

## શ્રી નારાયણ ધરો



શ્રી બ્રહ્મેશ્વર મહાદેવ મંદિરથી આગળ જતાં ગિરનાર તળેટીના મુખ્ય માર્ગથી અંદર આ નારાયણ ધરાનું સ્થાન આવે છે. આ સ્થળે ભગવાન નારાયણે વિપ્રરૂપે યજમાનરૂપી બ્રહ્માજીને શ્રાદ્ધાદિકનો સંપૂર્ણ કર્મકાંડ કરાવી પિતૃતૃપ્તિની રીતિ બતાવી હતી. તેમજ યજ્ઞોપવિત ધારણરીતિ દર્શાવીને હોમયજ્ઞ કરાવ્યા હતા. અનેક યજ્ઞોના અવભૃથ સ્નાન, ગ્રહણ સ્નાન, પર્વસ્નાન, તીર્થ નિમિત્તક સ્નાન આ ધરામાં દિવ્ય દેવો તથા મહાપુરુઓએ કરેલા છે. રૂકમાંગદ તથા ધર્માંગદ વૈષ્ણવરાજાએ અહિં વિધિદાન વગેરે કરેલા છે અને અહિં ભાદરવા માસમાં પિતૃઓને તર્પણ કરવાનો મહિમા છે. આ સ્થળ પ્રાચીન ઐતિહાસિક અતિ પવિત્ર છે. આ ધરામાં શ્રીજીમહારાજે સંતો-ભક્તો સહિત અનેકવાર સ્નાન કર્યું હતું, તેથી આ ધૂનાને **'નારાયણ ધરો'** કહેવામાં આવે છે. ધરાની પાસે રહેલી આંબલીના ઝાડ નીચે માણકી ઘોડી બાંધીને સંતો-ભક્તોની સભા ભરીને મહારાજે જ્ઞાનોપદેશ આપ્યો હતો.. આ નારાયણ ધરામાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ અને સમગ્ર સત્સંગના અસંખ્ય સંતો-હરિભક્તોએ પણ સ્નાન કર્યું છે માટે આ મહાપ્રસાદીનું સ્થળ ગણાય છે.

## સોનરખ નદીને કાંઠે ઓટો



સોનરખ નદીને કાંઠે નારાયણ ધરાની બાજુમાં આ ઓટો આવેલ છે. મહામુક્તરાજ પંચાળા દરબાર શ્રી ઝીણાભાઈ અક્ષરવાસી થયા ત્યારે સ્વયં શ્રીજીમહારાજે પોતે પોતાના ખંભે ઝીણાભાઈની નનામી ઉપાડીને આ સ્થાને અગ્નિ સંસ્કાર કર્યો હતો. તે સ્મૃતિરૂપે ઓટો કરવામાં આવ્યો છે.

## શ્રી દૂધેશ્વર મહાદેવ



આ દૂધેશ્વર મહાદેવનું મંદિર નારાયણધરાથી આગળ ગિરનાર પર્વત જતાં માર્ગથી થોડે અંદર અને જિલ્લા પંચાયત અતિથિ ગૃહની સામે આવેલું છે. અહીં શ્રીજીમહારાજ પધાર્યા હતા ને શિવજીનું પૂજન-અર્ચન કર્યું હતું. મંદિરની બાજુમાં **સોનરખ નદી**માં સ્નાન કરીને એકાંત સ્થળ જોઈને એક પથ્થરની શિલા ઉપર બિરાજમાન થઈને ઘણીવાર સુધી ધ્યાનમગ્ન રહ્યા હતા. ગિરનારની **લીલી પરિક્રમા** આ દૂધેશ્વર મહાદેવના મંદિર પાસેથી શરૂ કરવામાં આવે છે.

## શ્રી ભવનાથ મહાદેવ



**'પછી ત્યાં થકી વિદાય થયા, ભગવાન ભવેશ્વરે ગયા.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

**'भवेश्वरस्य च ततो महादेवस्य भक्तितः ॥'** પછી **ભવેશ્વર** નામના **મહાદેવ**નાં દર્શન અને પૂજન ભક્તિપુરઃસર કર્યું. (શ્રી સત્સંગિજીવન : ૪/૨૩/૨૨)

દૂધેશ્વર મહાદેવ મંદિરથી સીધા આગળ જતાં તળેટીમાં ભવનાથ મહાદેવનું સુપ્રસિદ્ધ મંદિર આવે છે. મંદિરની બાજુમાં જ **મૃગીકુંડ** છે. પાણીના ધુના ઉપરનો આ કુંડ પુરાતન સમયમાં ભોજ રાજાએ બનાવ્યો હતો. હાલમાં પુરાતન મંદિર અને કુંડનો જીર્ણોદ્ધાર થયો છે. અહિંયા મહા વદ નોમથી મેળો ભરાય છે, તે શિવરાત્રી સુધી રહે છે. જેને **'મહાશિવરાત્રી મેળો'** કહેવામાં આવે છે. મૃગીકુંડમાં શિવરાત્રીએ સાધુ-સંતો-બાવાઓ સ્નાન કરે છે, બ્રાહ્મણો પૂજાપાઠ કરે છે. રાત્રિના બાર વાગ્યે શિવજીની મહાપૂજા થયા પછી મેળાની સમાપ્તિ થાય છે.

આ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે તેમજ રાજાધિરાજ થયા પછી પણ પધારીને શ્રી ભવનાથ મહાદેવજીની પૂજા કરી હતી અને મૃગીકુંડમાં સ્નાન કર્યું હતું. ત્યાંનાં મેદાનમાં આંબલીઓના ઝાડ નીચે સભા કરી લોકોને સદ્‌ઉપદેશ આપ્યો હતો.

## ચડાવની વાવ




**'પછી વાવ્ય ચડાની છે જ્યાંય, ગયા તે સમે ત્રીકમત્યાંય;**
**ત્યાંથી આવ્યો ગિરિનો ચડાવ, દીઠો ડુંગર કેરો દેખાવ.'**


(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

ગિરનાર પર્વતના પગથિયાં પાસે ચડાવની વાવ કહેવાય છે. ત્યાં શ્રીજીમહારાજે સ્નાન અને વાવની બાજુમાં રહેલા ચડાવ હનુમાનજીનું પૂજન કર્યું હતું. (હાલમાં આ વાવ તો દેખાતી નથી, પરંતુ શ્રી હનુમાનજી બિરાજમાન છે.) તેથી તે પ્રાસાદિક સ્થળ છે.

### શ્રી સ્વામિનારાયણ ચિંતન અંકના ગ્રાહક ભક્તોને નમ્ર વિનંતિ

વ્હાલા ગ્રાહક ભક્તો ! આપને ત્યાં આવતા 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંક જો સમયસર ન મળતો હોય તો 'ચિંતન કાર્યાલય - સરધાર' જાણ કરી આપના એડ્રેસ <u>પીનકોડ</u> અવશ્ય લખાવવો. જેથી કરી આપને સમયસર જલદીથી અંક મળી જાય છે. અને આપને કદાચ જો સમયસર અંક ન મળતો હોય તો તેનું કારણ એડ્રેસ બરાબર નહિ અથવા તેમાં <u>પીનકોડ</u> ન હોવાને કારણે અથવા આપે ભરેલ લવાજમ 'ચિંતન કાર્યાલય - સરધાર' પહોંચ્યું નહિ હોય જેથી કરીને સમયસર અંક ન મળવાનું કારણ છે. માટે આપ <u>'ચિંતન કાર્યાલય - સરધાર' ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૯૮૭૯૭ ૫૮૫૦૩</u> સંપર્ક સાધો અથવા **E-mail :** chintansardhar@yahoo.in જાણ કરવા વિનંતી

# ગિરનાર પર્વત ઉપર પ્રસાદીનાં સ્થાનો




ભગવાન શ્રી શિવજીના લગ્ન પાર્વતીજીની સાથે હિમાલય પર્વતે કર્યા ત્યારે પાર્વતીજીના મોટાભાઈ ગિરનારે શંકરની જાનમાં આવેલ તમામ દેવતાઓની બહુજ આદરપૂર્વક સેવા કરી હતી. તે વખતે તેને ભગવાન શ્રી વિષ્ણુએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું હતું કે 'હે ગિરનાર ! તું આજથી પર્વતમાત્રમાં સાક્ષાત્ નારાયણ રૂપ તેમજ સિદ્ધ થઈશ, તારા ઉપર તમામ દેવતાઓ વાસ કરશે અને તારા આશ્રયથી તમામ તપસ્વી લોકો સિદ્ધ થશે.' આ ઉપરથી તેનું નામ સાક્ષાત્ ભગવાને **'ગિરિનારાયણ'** રાખેલું છે. જેને હાલમાં અપભ્રંશથી **'ગિરનાર'** કહે છે. એક વખત બ્રહ્માજીની આજ્ઞાથી ઈન્દ્ર ગિરનારની ઉડવાની શક્તિ નષ્ટ કરવા માટે નીકળ્યો. ત્યારે ગિરનાર સમુદ્રના જળની અંદર કુદીને સંતાઈ ગયો. દેવતાઓએ જાણ્યું કે ગિરનાર ઈન્દ્રના ડરથી સમુદ્રના જળમાં સંતાઈ ગયો છે. આથી દેવતાઓએ સમુદ્રની સ્તુતિ કરી અને પ્રાર્થના કરી કે ગિરનારને જળથી રહિત કરી દ્યો. જેથી સમુદ્રએ ગિરનારને જળથી રહિત કરી પાંચ યોજન દૂર સમુદ્ર ચાલ્યો ગયો. ત્યારથી તે **રેવતાચલ**ના નામથી પ્રસિદ્ધ થઈ ગયો. રેવતાચલ સંસ્કૃત શબ્દ છે : 'રેવ્'નો અર્થે છે - 'કુદવું' અને અચલ એટલે 'સ્થિર' - કુદતા સ્થિર થયેલ પર્વત :- 'રેવતાચલ.'

મૂળ ગુજરાતના નિવાસી અને ૭મી શતાબ્દીમાં થઈ ગયેલ કવિ માઘે પોતાના મહાકાવ્ય **'શિશુપાલવધ'**માં રૈવતાચળ-ગિરનારનું વર્ણન ખૂબજ અદ્ભુત રીતે કર્યું છે :

**'સોરઠની વંકી ધરતી પર, વંકા પથરાયા બહુ પ્હાડ; ટૂકે ટૂકે સિદ્ધ વસે જ્યાં,**
**ભિન્ન જટાજૂટ ઝામ્યા ઝાડ; ઝરે ઝરણ બહુ નીર તણાં, જો ગાજે જંગલ ગીર તણાં...'**

કવિ માઘ આ ગિરનાર પર્વત જોઈને કેટલા બધા પ્રભાવિત થઈ ગયા હશે એ એમણે કરેલા પર્વતના વર્ણનમાંના એક શ્લોકમાં ધ્વનિત થાય છે :

'दृष्टोपि शैलः स मुहुर्मुरारेः अपूर्ववद् विस्मयमाततानः । क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूपं रमणीयतायाः ।।'

**અર્થ :** મુરારિએ એ પર્વતને વારંવાર જોયો હતો. તેમ છતાં પણ એને ફરીથી જોઈને એમને અપૂર્વ અને અપાર વિસ્મય થયું હતું. કારણ કે જે ક્ષણે ક્ષણે નવીનતાને ધારણ કરે છે, એ રૂપ રમણીયતાનું જ હોય. (સૌરાષ્ટ્રનો સૂર્યોદય, લે-નરભેરામસદાવ્રતી : પેજ નં. ૪)

**'સોરઠ દેશ અને સુંદર ગઢ ગિરનાર, વિર શેર પર્વત ગુફાને યોગી તપે નિરાહાર.'**

સં. ૧૮૫૬ - શ્રાવણ સુદ - ૧૦, તા. ૧૦-૮-૧૭૯૯ રવિવારના જૂનાગઢમાં સૌપ્રથમવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીરૂપે પ્રભાસપાટણ થઈને ગિરનાર પર્વત ઉપર પધાર્યા હતા. હવે આપણે ગિરનાર પર્વત ઉપરના ભગવાન શ્રીહરિના ચરણઅંકિત થવાથી પાવનકારી થયેલ તીર્થસ્થાનોના દર્શન કરીશું.

**એવો દેખાવ ગિરિનો નિહાળી, રુદે રાજી થયા વનમાળી; ગિરિ ઉપર ચડ્યા અવિનાશ,** (શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

तीर्थयात्रां चकारासावमावास्यादिने ततः । प्रशंसन् रैवतगिरिं देवभूमिरियं त्विति ॥

પછી શ્રીહરિએ **આ દેવભૂમિ છે** આ પ્રકારે રૈવતક પર્વતની પ્રશંસા કરતા થકા અમાવાસ્યાને દિવસે તીર્થયાત્રા કરી.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૩/૨૦)

# ગૌમુખી ગંગા



**'ગિરિ ઉપર ચડ્યા અવિનાશ,**
**ગયા ગૌમુખી ગંગાની પાસ.'** (શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

ગૌમુખી ગંગા ૪૧૦૦ પગથિયાં ચડતા આવે છે. અહિંયા ચોકમાં બે રસ્તા છે, ડાબી બાજુ જવાથી **શેષાવન** જતો રસ્તો છે અને જમણી બાજુ જવાથી **અંબાજી** ટુંકે જવાનો રસ્તો આવે છે. પૂર્વે સત્યુગમાં એક **સત્યધામ** નામનાં મુનિ પુષ્કરરાજમાં ભગવાનની પ્રાપ્તિ માટે તપ કરતાં હતાં. હજારો વર્ષ તપ કર્યું છતાં ભગવાનના દર્શન થયા નહીં. ત્યારે મુનિજી આ શરીરનો ત્યાગ કરવા તૈયાર થયા ત્યારે આકાશવાણી થઈ : 'હે મુનિવર ! આ જન્મમાં તને મારા પ્રત્યક્ષ દર્શન થશે નહિ, કારણ કે તારા બાળપણમાં એક વખત તરસી ગાયે પાણી તરફ પોતાનું માથું નમાવ્યું હતું ત્યારે તે લાકડી મારીને પાણી પીવા દીધું નહોતું. તે પાપ જ્યાં સુધી મટશે નહિ ત્યાં સુધી તપનું ફળ મળશે નહીં.' આ પ્રમાણે **આકાશવાણી** સાંભળીને મુનિ નિરાશ થઈ રડવા લાગ્યા. તે સમયે ફરીથી આકાશવાણીએ કહ્યું : 'હે ઋષિ ! તમે અહીંથી ગિરનારમાં જઈને ત્યાં પર્વત ઉપર ગંગાજીનું તપ કરો, જ્યારે તપથી ગિરનારમાં ગાયનાં મુખમાં ગંગાજી પ્રગટ થશે ત્યારે તેમાં સ્નાન કરવાથી પાપમાંથી તમો મુક્ત થશો. પછી ભગવાનના લોકની પ્રાપ્તિ થશે.' આ પ્રમાણે આકાશવાણી સાંભળીને તે મુનિ ગિરનાર પર્વત આવ્યા. અને એક હજાર વર્ષ તપ કર્યું ત્યારે ગંગાજી પ્રસન્ન થઈને ગાયના મુખમાંથી પ્રગટ થયાં. તેથી આ ક્ષેત્રનું નામ **ગૌમુખી ગંગા** કહેવામાં આવે છે.

સં. ૧૮૫૬ - શ્રાવણ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે અહીં પધાર્યા હતા ત્યારે ત્યાં રહેતા બાવાઓએ મહારાજને ગૌમુખી ગંગામાં સ્નાન કરવા દીધું નહિ. તે વખતે નીલકંઠ વર્ણીએ તે સર્વે બાવાઓને **વામનરૂપે દર્શન** દીધાં. પછી બધા બાવાઓ પગે લાગ્યાં અને ગંગાજીમાં સ્નાન કરાવ્યું હતું. આ સ્થળ અતિ પ્રાસાદિક સ્થાન છે, તેથી સર્વેએ જરૂરથી દર્શન કરવા.

**તહાં રહેતા હતા બહુ બાવા, તેણે હરિને દીધું નહીં નાવા; દીધું દર્શન વામન થઇ, ત્યારે સર્વે પગે લાગ્યા જઇ.**
**વળી ગંગા વિષે નવરાવ્યા, ચર્ચિ ચંદન હાર ચડાવ્યા; રહો આંહિ એવા બોલ કહ્યા, પણ શ્રીહરિ ત્યાં નવ રહ્યા.**
(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

## કમંડળકુંડ



દત્તશિખરથી પાછા વળતાં કમંડળકુંડ જવા ૬૧૩૦ પગથિયાંના ફાંટેથી સફેદ પથ્થરનાં ૨૧૦ પગથિયાં નીચે ઉતરતા કમંડળકુંડની જગ્યા આવે છે. ત્યાંથી થોડે દૂર કમંડળ કુંડ છે. પરંતુ હાલમાં યાત્રિકોને ત્યાં જવા દેવામાં આવતા નથી. તે કુંડનું પાણી આગળની જગ્યામાં લાવવામાં આવે ને યાત્રિકોને તેનો લાભ મળે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે ત્યાં પધારીને તે કમંડળકુંડમાં **સ્નાન** કર્યું હતું. તેથી તે પ્રાસાદિક સ્થળ છે.

## શ્રીઅંબાજી ટુંક



અંબાજીની ટુંક ૪૮૪૦ પગથિયાં પૂર્ણ થતાં ૩૩૩૦ ફૂટની ઊંચાઈએ આવેલ છે. અંબાજી પાર્વતીજીનું જ સ્વરૂપ ગણવામાં આવે છે. અને ગિરનાર પર્વતને પાર્વતીના મોટાભાઈ તરીકે ઓળખવામાં આવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ વર્ણીવેષે ત્યાં પધારીને આદ્યશક્તિ અંબાજીને દર્શન આપીને આ સ્થાન પોતાના ચરણારવિંદથી પાવનપુનિત કર્યું હતું.

# શ્રી ગોરખનાથનાં પગલાં (ટુંક)



અંબાજી ટુંકથી ૪૪૦ પગથિયાં આગળ જતાં શ્રી ગોરખનાથજીની ટુંક આવે છે. આ સ્થળે શ્રી ગોરખનાથજીએ હજારો વર્ષ સુધી તપ કર્યું હતું ને ત્યાં બેસી રાજા ભર્તૃહરી, રાજા ગોપીચંદ, નવનાથ અને ચોરાશી સિદ્ધોનો જ્ઞાનોપદેશ આપ્યો હતો. **આ ટુંક ગિરનાર ક્ષેત્રમાં ઊંચામાં ઊંચી છે.** તેની ઊંચાઈ સમુદ્રની સપાટીથી ૩૬૬૬ ફૂટ થાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ વર્ણીવેષે ત્યાં પધારીને આ સ્થાનને પોતાના પુનિત પદારવિંદ પ્રસંગથી પ્રાસાદિક કર્યું હતું.

# શ્રી દત્તાત્રેયનાં પગલાં (ટુંક)



**'દત્તાત્રી તણી જગ્યા છે જ્યાંય, ગયા શ્રીહરિ તયાં થકી ત્યાંય.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

ગિરનાર પર્વત ઉપર શ્રી દત્તાત્રેય ટુંક ૬૮૩૦ પગથિયાંએ ૩૨૯૫ ફૂટ ઊંચાઈએ આવે છે. અત્રિ ઋષિના ઉગ્ર તપથી અને તેઓના મનની ઈચ્છાથી બ્રહ્મા, મહેશ અને વિષ્ણુ એ ત્રણેય અત્રિ ઋષિના પત્ની અનસૂયા થકી પુત્રરૂપે પ્રાગટ્ય પામ્યા હતા. તેમાં સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના અંશસ્વરૂપે **શ્રી દત્તાત્રેય ભગવાન**નું પ્રાગટ્ય થયું હતું. ''તેઓ ગિરનારમાં જ વાસ કરીને રહેશે, જેથી આ ગિરનાર **સિદ્ધ ભૂમિ** કહેવાશે.'' આ રીતે અત્રિ ઋષિએ પત્ની અનસૂયાને કહ્યું હતું. તે પ્રમાણે શ્રી દત્તાત્રેય ભગવાન ગિરનાર પર્વત પર વાસ કરીને રહ્યા છે ને અનેક સિદ્ધપુરુષોને દર્શન આપી રહ્યા છે.

સં. ૧૮૫૬ - શ્રાવણ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીવેષે અહીં પધાર્યા હતા. અહિંયા એક તપસ્વી બાર વર્ષથી તપ કરતા હતા. તેમને મહારાજે પૂછ્યું : 'તમો શી ઈચ્છાથી તપ કરો છો ?' ત્યારે તે તપસ્વી કહે : 'મારા અંતરમાં એક જ ઈચ્છા છે કે ભગવાન દત્તાત્રેયના દર્શન થાય.' પછી મહારાજે તેમને દત્તાત્રેયરૂપે દર્શન દઈને પોતાના સ્વરૂપ નિશ્ચય કરાવ્યો હતો. દત્તાત્રેય ભગવાનના ચરણપાદુકા ઉપર પોતાના ચરણ મૂકીને આ તીર્થને અતિ મહામૂલું તીર્થસ્થાનરૂપ કર્યું છે.

**'દત્તાત્રી તણાં દર્શન થાય, નથી બીજી ઇચ્છા ઉરમાંય; સુણી કરુણા કરી જગભૂપે, દીધું દર્શન દત્તાત્રીરૂપે.**
**નિજરૂપનો નિશ્ચે કરાવ્યો, તેને જન્મ મરણથી મુકાવ્યો; ગિરિ ઊપર થકી ઊતરી, જૂનાગઢમાં પધાર્યા શ્રીહરી.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૫)

# પથ્થર ચટ્ટી



આ સ્થળે સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીનું સદાવ્રત ચાલતું હતું. ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીરૂપે પધારી જમ્યા હતા. આ જગ્યામાં આત્માનંદ સ્વામી રહેતા હતા અને શ્રી રામાનંદ સ્વામી પણ રહેલા છે.



# જૂનાગઢ મંદિર : એક ઈતિહાસ

સોરઠ ધરતી એટલે જોગી-જતીની જનેતા. જ્યાં જટાળો જોગંદર ગિરનાર ઊભો છે. એ ગરવા ગિરનારની ટુંકથી માંડી તળેટી સુધી જોગી-જતીના બેસણા થાય. એ ગિરનારની ટુંકો પરથી વહેતા નદી-ઝરણાના નીરથી ગીરપ્રદેશની તળેટીમાં ચારે બાજુ વનરાજી છવાયેલી અને પથ્થરીયા પાણી પચાવી પચાવી કેસરીના કાન ઝાલે એવા કૌવતવાળા ગીરના અડીખમ માણસો. ભક્તિથી ભીની, ત્યાગ તપથી તપેલી અને શૂરવીરતાથી રંગાયેલી એ સોરઠ ભૂમિનું સોહામણું શહેર જૂનાગઢમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે પ્રસ્થાપિત થયેલું એક પુરાતન ધામ છે. આ સ્થાનમાં શ્રી બ્રહ્માનંદ સ્વામી, ઝીણાભાઈ, રૂપશંકરભાઈ, દાદાભાઈ, ગગોભાઈ, ઉમેદસંગભાઈ આદિક સંતો-ભક્તોના **સમર્પણની ઝાલરો** ઝણઝણે છે, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી બાલમુકુંદદાસજી સ્વામી, શ્રી નારાયણદાસજી સ્વામી વગેરે સંતોની **સાધુતાની સૌરભ** ફેલાય છે, નવાબની **નિષ્ઠાની નેકી** પોકારે છે, **સર્વોપરી ઉપાસનાનું ઉદ્‌ગમ સ્થાન** છે.

સોરઠ પ્રદેશના સત્સંગીઓની આસ્થાનું કેન્દ્ર બનેલ ગગનચૂંબી શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - જૂનાગઢ, સંસાર સરોવરના સૌરભમય પદ્મની જેમ નીખરી રહ્યું છે. આ મંદિરનો ઈતિહાસ તો - દોઢ-બે શતાબ્દી જૂનો છે, પરંતુ આ ભૂમિની સાધના બહુ પ્રાચીનકાળથી છે. રૈવતાચલની પવિત્ર તળેટીમાં આવેલું જૂનાગઢ પ્રાચીનકાળથી જ પોતાની પવિત્રતા માટે જાણીતું છે. ગરવો ગિરનાર અનેક મહાપુરુષો તપસ્વીઓ જોગી અને જતિઓની સાધનાની સાખ પૂરે છે.

આ જ સોરઠ પ્રદેશમાં અર્વાચીન સત્સંગના બીજ સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી રોપ્યા હતા. મહાપ્રભુ નીલકંઠ વર્ણી અને રામાનંદ સ્વામીનું મિલન થયું, જેતપુરમાં શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા. ત્યારબાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે સત્સંગનું પ્રવર્તન શરૂ કર્યું. તેથી ઉદ્ધવ સંપ્રદાય **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'** તરીકે સુપ્રસિદ્ધ થયો.

સંપ્રદાય-સત્સંગની વૃદ્ધિ થયા પછી તેના કેન્દ્ર તરીકે જૂનાગઢમાં મંદિર કરાવવાનો સંકલ્પ ભગવાન શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાન ભક્ત પંચાળાના દરબાર શ્રી ઝીણાભાઈને થયો. તેમની પરાભક્તિથી શ્રીજીમહારાજ વશ થયા. તેઓના એ સંકલ્પની સિદ્ધિ માટે દરબાર શ્રી ઝીણાભાઈ તથા તેમના ભત્રીજા દરબાર શ્રી દાદાભાઈએ જૂનાગઢની જમીન ભગવાન શ્રીહરિને કૃષ્ણાર્પણ કરી. શ્રીજીમહારાજે ત્રણ શિખરનું મંદિર બાંધવાનું નક્કી કર્યું. તેથી આ કાર્ય પરિપૂર્ણ કરવા શ્રીજીમહારાજે સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ જવાની આજ્ઞા કરી. બ્રહ્માનંદ સ્વામીની વિનંતિથી સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને પણ મહારાજે જૂનાગઢ મંદિરમાં સહાય માટે મોકલ્યા.

**'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ'** એ ન્યાયે કોઈપણ સારી પ્રવૃત્તિમાં વિઘ્નો આવે તેમ જૂનાગઢ મંદિરના બાંધકામમાં પણ દ્વેષી અમલદારોનો ઉપદ્રવ શરૂ થયો. મંદિરના બાંધકામમાં લાકડા, પથ્થર, ચૂનો વગેરે જોઈતી વસ્તુઓ બહારથી આવતી હોવાથી મેલી મુત્સદગીરીની ખટપટ ખૂબ વધવા લાગી. કામબંધ કરવાના મૌખિક ફરમાનો આપ્યા. મંદિરમાં ઈંટો માટે ભઠ્ઠા નંખાયા ત્યારે ધર્મદ્વેષી લોકોએ તેજોદ્વેષથી પીડાઈને ઈંટોના ભઠ્ઠામાં આગ ન લાગે તે માટે તંત્ર-મંત્રના પ્રયોગ કર્યા. પરંતુ યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી તેમના આ પ્રયોગો નિષ્ફળ રહ્યા. શ્રી ગોપાળાનંદ સ્વામીના કહેવાથી બ્રહ્માનંદ સ્વામીએ જૂનાગઢના નવાબ બહાદુરખાનની મુલાકાત લીધી.

નવાબ બહાદુરખાન અને સ્વામીનો ખૂબજ પુરાણો નાતો નીકળ્યો. જ્યારે બહાદુરખાન શાહજાદાપદે હતા ત્યારે પૂર્વાશ્રમમાં લાડુદાનજીએ તેમને સંગીત અને સાહિત્યનો અભ્યાસ કરાવ્યો હતો. તેથી વિદ્યાગુરુ તરીકેનો નાતો તેમની સાથે હતો. આ કારણે બ્રહ્માનંદ સ્વામી અને બહાદુરખાનની મુલાકાત રાજદરબારમાં થઈ. બ્રહ્મમુનિના દર્શન થતાં જ નવાબની આંખો ભીની થઈ, હૃદય હર્ષોલ્લાસથી ભરાઈ ગયું. નવાબ સાહેબ સાથે વાર્તાલાપ કરી મંદિરમાં આવતા માલનો વેરો દૂર કરાવ્યો અને નવાબ સાહેબે મંદિર પૂર્ણ ન થાય ત્યાં સુધી જે જરૂર હોય તે માંગવા કહ્યું. છતાં પણ રાજ્યનો મુખ્ય દિવાન **રંગીલદાસ** હતો. તે સત્સંગનો દ્વેષી હોવાથી મંદિરના કામમાં અવરોધ કરતો. પરંતુ રંગીલદાસ એકવાર ઘોડા પર સવારી કરી જૂનાગઢ આવતા હતો. ત્યાં માર્ગમાં ઘો ડો ભડક્યો. રંગીલદાસ નીચે પડી ગયો. તેની ભેટે ખોસેલી બરછી તેના પેટમાં પેસી ગઈ અને પેટ ચીરીને બહાર નીકળી ગઈ. રંગીલદાસ ત્યાં જ મૃત્યુ પામ્યો.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પોતાની બુદ્ધિ પ્રતિભા, કવિત્વ શક્તિ, વ્યવહાર કુશળતા અને સાધુતા દ્વારા વિરોધીઓની સામે અડીખમઊભા રહી સર્વેનું નિરાકરણ કર્યું. તેમજ ખુદ નવાબ સાહેબે પણ મંદિરના કાર્યમાં કશી હરકત ન થાય તેવી સંગીન તજવીજ કરાવી હતી.

દરબાર શ્રી ઝીણાભાઈનો સંકલ્પ, ભગવાન શ્રીહરિએ આપેલું તેઓને વચન, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીની જહેમતથી સોરઠના ભક્તોના તન-મન-ધનના સમર્પણથી જૂનાગઢમાં ભવ્ય ગગનચુંબી ત્રણ શિખરવાળું શિલ્પકળા અને સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂનારૂપ મંદિર **બે વર્ષના સમયાન્તરે** તૈયાર થયું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-ભક્તો સાથે મંદિરમાં દેવો પધરાવવા જૂનાગઢ પધાર્યા. મહારાજનું જૂનાગઢમાં ભવ્ય સામૈયું નીકળ્યું. સામૈયામાં બહાદુરખાન નવાબે પોતાના મહેલના ઝરુખામાં બેસી ભગવાન શ્રીહરિની સલુણી છબી જોતા **'ઓહ ખુદા ! સુભાન અલ્લાહ !'** એવા શબ્દો સરી પડ્યાં. શ્રીજીમહારાજને ખુદાવંદ જાણી તેમને મહારાજને વિષે ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થયો. શોભાયાત્રા મંદિરમાં વિરામ પામી. પછી શ્રીહરિ પોતાના આશ્રિતોની સાથે મંદિર જોવા માટે પધાર્યા. તે સમયે બ્રહ્માનંદ મુનિનો હાથ પકડીને મંદિરની ચારે બાજુ ફરી શ્રીહરિ જોતા હતા.

अत्युन्नतं चारुगवाक्षयुक्तं मनोज्ञनानारचनाभिरामम् । विचित्रचित्राश्मविरोचमानस्तम्भादि सन्मण्डपभासमानम् ॥

અતિ ઉંચું, સુંદર ગોખયુક્ત, મનોહર, વિવિધ પ્રકારની રચનાથી અભિરામ, વિવિધ પ્રકારના ચિત્રોથી યુક્ત પત્થરોથી શોભાયમાન સ્તંભો વગેરે જેમાં છે એવા, સુંદર મંડપ (ઘુમટથી) શોભાયમાન. વિમાનની ઉપમા આપવા યોગ્ય, મહા શોભાયમાન, ત્રણ શિખરોથી યુક્ત, દર્શનીય, અદ્‌ભુત શોભાવાળું, જે મંદિરમાં શિલ્પીઓની નિપુણતા જોવામાં આવે છે તેવું. આ પ્રકારનું તે મંદિર જોઈ પ્રસન્ન થએલા શ્રીહરિ, રત્ના વગેરે સમગ્ર શિલ્પીઓની તથા સર્વ કાર્યમાં પ્રવીણ બ્રહ્માનંદ મુનિની, તેમજ ધીર હેમંતસિંહની વારંવાર **પ્રશંસા** કરતા હતા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૩૮)

સં. ૧૮૮૪ના વૈશાખ વદ -૨ (તા. ૧-૫-૧૮૨૮, ગુરુવાર)ના રોજ જૂનાગઢમાં સોનાનો સૂરજ ઊગ્યો. વાતાવરણમાં આહ્લાદકતાનો આનંદ હતો. મંગલ તૂરીના નાદ વાગી રહ્યા હતા. નોબત પર ધીરી ધીરી દાંડી પડી રહી હતી. માનુનીઓ મંગળ ગીતો ગાઈ રહી હતી. સમગ્ર મંદિર ધજાપતાકાથી છવાઈ ગયું હતું. શ્રી રાધારમણ દેવની પ્રતિષ્ઠાનો રળિયામણો દિવસ રમી રહ્યો હતો. મંગલ **મૂર્તિ પ્રતિષ્ઠાનું મુહૂર્ત** આવતા વેદોક્ત વિધિના મંત્રોચ્ચારથી સમગ્ર દિવ્યતા વ્યાપી ગઈ. ભગવાન શ્રીહરિએ મંદિરના પૂર્વ દેરામાં શ્રી રાધારમણ દેવ, મધ્યમાં શ્રી રણછોડ-ત્રિકમરાય અને પશ્ચિમના દેરામાં શ્રી સિદ્ધેશ્વર મહાદેવ આદિક દેવોની સ્થાપના કરી હતી. ત્રણ દેરામાં ભગવાન શ્રીહરિએ આરતી ઉતારી, મંદિર જયનાદોથી ગાજી ઊઠ્યું. ત્યારબાદ સુંદર ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થઈને ભગવાન શ્રીહરિ આ **મંદિરનો મહિમા** ભક્તજનોને કહે છે :-

एतन्मूर्त्यग्रतो भक्त्या करिष्यन्त्यत्र ये जपम् । पुरश्चर्य्यादिकं सर्वं सहस्राधिफलं हि तत् ॥

આ મંદિરમાં આ મૂર્તિઓની આગળ ભકિતપૂર્વક જે **જપ** કરશે તથા **પુરશ્ચરણ** વગેરે કરશે તે સર્વનું હજાર ગણું ફળ તેમને મળશે. જે જનો આ મંદિરમાં એકાદશી વગેરે વ્રતોનું **ઉદ્યાપન** કરશે તેઓ ઈચ્છિત ફળ પામશે. આ મંદિરમાં જે જનો વસ્ત્રો, ભૂષણો, ધન વગેરેથી આ મૂર્તિઓની સેવા કરશે તે **ચારે પુરુષાર્થની સિદ્ધિ** જરૂર પામશે. વૃત્તાલયપુરમાં લક્ષ્મીનારાયણના શોભાયમાન મંદિરથી દૂર એવા આ પ્રદેશમાં મારા આ મંદિરમાં મારી આજ્ઞા પરાયણ જે જનો રહેશે. તે ત્યાગીઓ ઉપર હું જરૂર અત્યંત પ્રસન્ન થઈશ. જેમ જેણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે એવા નિર્દંભ યોગીઓ ઉપર હું જેવો પ્રસન્ન છું તેવો તમારા ઉપર પ્રસન્ન થઈશ. જેમ શ્વેતદ્વીપ તથા નરનારાયણાશ્રમમને અતિશય પ્રિય છે તેવી રીતે આ સ્થાન પણ મને અત્યંત પ્રિય છે. આ મંદિરમાં નિવાસ કરતા મારા આશ્રિત ત્યાગીઓ મારી પ્રસન્નતાથી સર્વોપરી સુખ પામશે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૩૯)

આજ વાતની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'પુરુષોત્તમપ્રકાશ'**માં લખે છે :-

**'મંદિર કરાવ્યું જે મહારાજે રે, સહુ જીવોનાં કલ્યાણ કાજે રે;**
**કોઈ આવીને દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે.**
**એહ મોટો કર્યો ઉપકાર રે, બહુ જીવ તારવા આ વાર રે;**
**પશ્ચિમ દેશ કરવા પુનિત રે, કર્યું મંદિર સારું શોભિત રે.**
**વળી સંતને આપી આગન્યા રે, રે'વું નહિ અહીં આવ્યા વિના રે;**
**વરસો વરસ એક માસ રે, કરવો આ મંદિર માંહિ વાસ રે.**
**વળી આ મૂરતિ જે બેસારી રે, તે નિરખશે જે નરનારી રે;**
**તેને શીદ રાખી જોઈએ શંકા રે, જાશે બ્રહમો'લે દઈ ડંકા રે.'**

(પુરુષોત્તમપ્રકાશ : ૩૨)



# સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પ્રસ્થાપિત નિત્ય મહાપૂજા

જૂનાગઢ મંદિરના મહંત તરીકે સેવા સંભાળવા શ્રીજીમહારાજની આજ્ઞાથી સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી તૈયાર થયા પણ સાથે સાથે વર્ષમાં એકાદ માસ માટે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારે અને સત્સંગનો લાભ આપે એવી વિનંતિ કરી. તે ભગવાન શ્રીહરિએ માન્ય રાખીને તે મુજબ શ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારતા અને એ રીતે સંપ્રદાયના સ્થંભસમા આ બે સંતવર્યોનો સોરઠના સત્સંગીઓને પણ અલભ્ય લાભ મળ્યો.

વિ.સં. ૧૯૦૧માં યોગીવર્ય સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારેલા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ તેમને સોરઠ દેશના ભક્તજનોની દુ:ખદારિદ્ર અને દુર્બળ સ્થિતિની વાત કરી અને તેઓની મુશ્કેલીઓ દૂર થાય તથા તેઓ સુખી થાય, સેવા કરી શકે એવો ઉપાય બતાવવા કહ્યું. ત્યારે સ્વામીની વિનંતિથી શ્રી ગોપાળાનંદ સ્વામીએ રાજી થઈ કૃપા કરી, પોતે જે પૂજા કરતા હતા તે મહાપૂજાનું યંત્રપટલ અને વધુમાં સ્વયં શ્રીજીમહારાજે તેઓને પૂજન માટે આપેલા પ્રસાદીના શાલિગ્રામ પણ જૂનાગઢ મંદિરને અર્પણ કરી દીધા. આ મહાપૂજાથી સત્સંગીઓ અને ભાવિકોના આધિ, વ્યાધિ, ઉપાધિ દૂર થાય એવો સ્વામીનો શુભ હેતુ હતો.

'શુભસ્ય શીઘ્રમ્' એ ન્યાયે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ દેશના બ્રહ્મચારી શ્રી વાસુદેવાનંદજી પાસે વિ.સં. ૧૯૦૧ના જેઠ સુદ એકાદશીથી મહાપૂજાનો પુણ્ય પ્રારંભ પણ કરાવ્યો.

તે દિવસે ભીમએકાદશીનો સમૈયો ભરાયેલો અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ સભામાં આશીર્વાદ આપતા કહ્યું : "કોઈપણ સત્સંગી ગમે તેવું કઠીન દુ:ખ આવે અથવા શારીરિક કે માનસિક કોઈ પીડા થાય ત્યારે જૂનાગઢ મંદિરમાં મહાપૂજા કરાવશે તેના કઠીનમાં કઠીન દુ:ખ તે આ મહાપૂજા કરાવવાથી ટળી જશે એવા અમારા આશિષ છે."

ત્યારથી સર્વ કષ્ટની નિવૃત્તિ માટે, સુખ સમૃદ્ધિની પ્રાપ્તિ માટે, ગ્રહદોષના નિવારણ માટે, કર્મજન્ય પીડાની શાંતિ માટે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા પ્રેરિત (તેમના શુભાશિષથી અભિસીંચિત થયેલી) કામધેનુ ગાયની જેમ સર્વ સિદ્ધિ આપનાર, સર્વ મનવાંછિત શુભ સંકલ્પો પૂર્ણ કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય કૃપા સ્વરૂપ આ મહાપૂજા પરંપરાની શરૂઆત થઈ.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી, સ.ગુ. બ્રહ્મચારી શ્રી અચિન્ત્યાનંદજી, સ.ગુ. શા. શ્રી ધર્મતનયદાસજી, સ.ગુ. શ્રી મહાપુરુષદાસજી સ્વામી, સ.ગુ. શ્રી નારાયણદાસજી સ્વામી જેવા મહાપુરુષોએ એ મહાપૂજાનું માહાત્મ્ય જાળવી રાખ્યું. જ્યારે કોઈપણ હરિભક્ત ઉપર આપત્તિ આવે ત્યારે એ સદ્‌ગુરુ સંતો આ દુ:ખી હરિભક્તોને જૂનાગઢમાં મહાપૂજા કરાવવાનું જણાવતા અને હરિભક્તો એ દુ:ખમાંથી મુક્તિ મેળવતા. આજે પણ પૂજ્ય સંતો-ભક્તો દ્વારા આ મહાપૂજા અદ્યાપિપર્યંત અખંડિત રીતે જૂનાગઢ મંદિરમાં પ્રતિદિન થાય છે.









# જૂનાગઢમાં શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યની કુમકુમવર્ણી તિથિ

- **સં. ૧૮૫૬ - શ્રાવણ સુદ - ૧૦, તા. ૧૦-૮-૧૭૯૯ રવિવાર**

  જૂનાગઢમાં સૌપ્રથમવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીરૂપે પ્રભાસપાટણ થઈને ગિરનાર પર્વત ઉપર પધાર્યા હતા.

- **સં. ૧૮૫૭ - મહા વદ - ૧૩, મહાશિવરાત્રી**

  સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી પીપલાણામાં નીલકંઠ વર્ણીને દિક્ષા આપીને જૂનાગઢમાં નવદિક્ષિત સહજાનંદ સ્વામી સાથે મહાશિવરાત્રીના મેળામાં પધાર્યા હતા.

- **સં. ૧૮૫૭ - ચૈત્ર સુદ - ૧૫**

  સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી સંતો સાથે જૂનાગઢ પધાર્યા હતા. દરબાર શ્રી દાદાભાઈની મેડીએ ઉતર્યા. પછી સંતો-ભક્તો સહિત દામોદર કુંડમાં સ્નાન કરી દામોદર દેવનાં દર્શન કરી ગિરનારની તળેટીમાં પધાર્યા અને ભવનાથના દર્શન કર્યા.

- **સં. ૧૮૬૦ -**

  ભગવાન શ્રીહરિ ફરેણી, જમનાવડ થઈને જૂનાગઢ પધાર્યા હતા. અહીં ઝીણાભાઈના દરબારમાં ઉતારા કરીને મતવાદીઓનો પરાભવ કર્યો હતો. અને દ્વેષીઓએ મોકલેલ સીદણ સ્ત્રીનું કપટ બહાર પડી ગયું હતું.

- **સં. ૧૮૬૨ - ચૈત્ર સુદ - ૧૫**

  જૂનાગઢમાં ચૈત્ર સુદ પૂર્ણિમાનો સમૈયો કરી સંતો-હરિભક્તો સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેકરૂપ ધારીને સાત થરો રાસ રમ્યા હતા. અને ગિરનારની યાત્રા કરી હતી.

❖ **સં. ૧૮૬૩ - ચૈત્ર સુદ - ૯ રામનવમી**

જૂનાગઢમાં રામનવમીનો ઉત્સવ કર્યો હતો. ભગવાન શ્રીહરિને હાથી ઉપર બિરાજમાન કરીને ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગોમાંથી પસાર થઈને ઝીણાભાઈના દરબાર સુધી કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમ્યાન નાના બાળકે શ્રીજીમહારાજને કાકડી આપી હતી તે ચાલું સવારીમાં જમ્યા હતા. અને સંતો-ભક્તોએ રાત્રે શ્રીહરિ જયંતિ મહોત્સવ ભવ્યતાથી ઉજવ્યો હતો.

જૂનાગઢમાં શ્રીજીમહારાજના સાત દિવસનું રોકાણ દરમ્યાન એક ચારણ (ગઢવી)ને દીક્ષા આપીને દેવાનંદ નામે સાધુ કર્યા. નવાબ સાહેબ હામદખાનની કચેરીમાં પધરામણી. નાગરવાડામાં બાઉભાઈનો મહારાજને જમાડવાનો સંકલ્પ પૂરો કર્યો. એકસાથે જુદા જુદા હરિભક્તોને ઘેર જઈને થાળ જમ્યા હતા. નરસિંહ મહેતાના ચોરે પધરામણી કરી.

❖ **સં. ૧૮૬૭ - ભાદરવા સુદ - ૧૧ જળઝીલણી એકાદશી**

જૂનાગઢમાં શ્રીજીમહારાજે જળઝીલણીનો સમૈયો કર્યો. પાંચ દિવસના રોકાણ દરમ્યાન ગોકળદાસ ભાટિયાને ત્યાં પધરામણી કરી. અને સત્સંગના દ્વેષીલા તેમના માતાને શ્રીહરિની ઈચ્છાથી અંતરમાં તેમજ જ્યાં જ્યાં દષ્ટિ જાય ત્યાં મહારાજના દર્શન થવા લાગ્યા.

❖ **સં. ૧૮૬૮ - ચૈત્ર સુદ - ૧૫**

શ્રીજીમહારાજ ગઢપુરથી નીકળી સોરઠના ગામોમાં વિચરણ કરતા થકા જૂનાગઢ પધાર્યા હતા.

❖ **સં. ૧૮૭૭ - ફાગણ વદ - ૩૦**

પંચાળામાં ફૂલદોલોત્સવ કરીને શ્રીજીમહારાજ જૂનાગઢ પધાર્યા હતા. ગિરનારની યાત્રા કરી, દામોદર કુંડમાં સ્નાન કરીને ભગવાન દામોદરના દર્શન અને પૂજન કર્યું, ભૂતનાથ મહાદેવના મંદિરમાં પધરામણી, જૂનાગઢના બ્રાહ્મણોને જમાડી ખૂબ ખૂબ દક્ષિણા આપી.

❖ **સં. ૧૮૭૭ - ચૈત્ર સુદ - ૯ રામનવમી**

જૂનાગઢમાં દિવસે બાર વાગ્યે રામનવમીનો ઉત્સવ કરીને સંતો-ભક્તોને અતિ આનંદ આપ્યો હતો.

❖ **સં. ૧૮૮૨ - વૈશાખ સુદ - ૩**


જૂનાગઢમાં શિખરબધ્ધ મંદિરનું ખાતમુહૂર્ત સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું.

❖ **સં. ૧૮૮૪ - વૈશાખ વદ - ૨, તા. ૧-૫-૧૮૨૮ ગુરુવાર**

જૂનાગઢમાં શિખરબધ્ધ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી રાધારમણ દેવની ધામધુમપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરી હતી. સાથે સાથે શ્રી રણછોડ ત્રિકમરાયજી, શ્રી સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતીજી, ગણેશજી અને ગરુડજીની સ્થાપના કરી હતી.

❖ **સં. ૧૯૦૧ - જેઠ સુદ - ૧૧**

જૂનાગઢમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ ભક્તજનોના દુઃખ નિવારણ માટે મહાપૂજાનો પ્રારંભ કરાવ્યો હતો.



# મહાપૂજા સ્થાપક
# અ.મૂ. અક્ષરમૂર્તિ યોગીવર્ય
# સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી

જન્મસિદ્ધ યોગીરાજ અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આ સંપ્રદાયના એક મહાન યોગી પુરુષ હતા. યોગી તરીકે તેમની શક્તિ સૂર્ય-ચંદ્રની ગતિમાં પણ ફેરફાર કરી શકતી. એવા અનેક ઐશ્વર્યોનાં સ્વામી હોવા છતાં ભગવાન શ્રીહરિનું દાસત્વ એ તેમની આગવી છાપ હતી.

પ્રભાવશાળી વ્યક્તિત્વ, સત્તાવાહી અવાજ, ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન, વિપુલ સાહિત્ય સર્જન અને ગમે તેવા મન ભેદ કે મતભેદનો સરળ ઉકેલ શોધવાની વ્યવહાર દક્ષતાને કારણે સંપ્રદાયમાં બંને દેશના તમામ સંતો-હરિભક્તોના મોભી બનાવ્યા અને તમામને બંને આચાર્યજી મહારાજશ્રી કહે તેમ વર્તાવવાની જવાબદારી સોંપેલ તેવા શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના ટોડલા ગામે રહેતા મોતીરામ ઠાકરને ઘરે માતા શ્રી કુશળબાની કુખે વિ.સં. ૧૮૩૭ના મહાસુદ - ૮ને સોમવારે(એક નૂતન તેમજ પ્રબળ સંશોધન મુજબ વિ.સં. ૧૮૩૩ના શ્રાવણ સુદ - પૂનમના દિવસે મધ્યરાત્રિએ) થયો હતો.

બાળપણથી જ સ્વામીશ્રીના જીવનમાં અનેક પરચાઓ નોંધાયા છે. શામળાજી ભગવાન તેમની સાથે બાળરૂપ ધારણ કરી રમવા આવતા, આ વાત સુપ્રસિદ્ધ છે. ગામમાં આવેલા માંત્રિક(મલિન વિદ્યાવાળા)ના શાલિગ્રામ ઘણા પ્રયત્નો કરવા છતાં માંત્રિકને મળ્યા ન હતા એ પણ ખુશાલ ભટ્ટની યોગશક્તિનો જ પ્રભાવ છે.

ખુશાલ ભટ્ટે પાઠશાળામાં વિપ્ર બટુકોને ભણાવવાનું શરૂ કરેલું. થોડું ભણાવી ઝાઝું ભજન કરાવે, સમય જતા જેતલપુર આવ્યા. શ્રીજીમહારાજને મળ્યા. શ્રી મુક્તાનંદ સ્વામી પાસે રહીને રામાનુજ ભાષ્ય સહિત શ્રીમદ્ ભગવદ્ગીતા ભણ્યા અને અંતે દીક્ષા ગ્રહણ કરી **'ગોપાળાનંદ સ્વામી'** નામ ધારણ કર્યું.

સ્વામીશ્રીએ સત્સંગના બંધારણને સ્થિર સ્વરૂપ આપ્યું. સ્વયં ભગવાન જેવું સામર્થ્ય ધરાવતાં હોવા છતાં શ્રીજીમહારાજના સંદેશ વાહક બનીને અવિરત વિચરણ કરતા રહ્યા. તેઓની યોગશક્તિ અને ઐશ્વર્યના તો ગ્રંથ રચાય એટલા વિપુલ પ્રસંગો છે.

જૂનાગઢમાં મંદિરના પાયા નંખાયા ત્યારથી શિખર થયાં ત્યાં સુધી જૂનાગઢમાં ઉદ્ભવેલાં. ઘણા ઉપદ્રવો અને વિરોધોના વાદળો સ્વામીશ્રીની યોગશક્તિના સામર્થ્યથી વિખાઈ ગયા હતા. અને જૂનાગઢનું મંદિર પૂર્ણ થયું હતું. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની શરત પ્રમાણે સ્વામીશ્રી **દર વર્ષે એક મહિનો** જૂનાગઢ **સત્સંગ કરાવવા માટે** પધારતા.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ આશરે સાડા ચાર દાયકાઓ સુધી સત્સંગની સેવા બજાવી છે. જેમ સમગ્ર દુનિયાભરના અંધકારને નષ્ટ કરવાની જવાબદારી અને કીર્તિ સૂર્યના શિરે છે તેમ સ્વામીશ્રીએ ભગવાન શ્રીહરિ ધામમાં ગયા પછી સંપ્રદાય ઉપર આવેલા અનેકો અંધકારના ઝૂંડને નષ્ટ કરી આ સંપ્રદાયની કીર્તિને ચોમેર ફેલાવી, સર્વોપરી ઉપાસના તો એવી ધરબી કે તે પાયા છેક પાતાળ સુધી પહોંચાડ્યા. સ્વામીશ્રીએ પણ શ્રીજીમહારાજના સ્વધામ ગમન પછી ૨૨ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર પંચભૌતિક દેહ રાખીને સેંકડો ચમત્કારો બતાવી હજારો મુમુક્ષુઓને મોક્ષના અધિકારી કર્યા છે. જેમ આપણા ઋષિમુનિઓ ઝુંપડીની ચાર દિવાલની વચ્ચે બેસી નથી રહ્યા, સમગ્ર વિશ્વમાં ઘુમી વળ્યા હતા. જેથી તો હજારો વર્ષ પૂર્વેની મૂર્તિઓ, મંદિરો બીજા દેશોમાં આજે પણ મળી આવે છે તેમઆ પરોપકારી મહામુક્તરાજ સંતપુરુષે અંતિમશ્વાસ સુધી સતત વિચરણ કરતા જ રહી, આ સંપ્રદાયમાં **આજ્ઞા-ઉપાસના એવી દૃઢ** કરાવી છે કે સૂર્યચંદ્ર તપે ત્યાં સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળને ઉની આંચ નહિ આવે.

૭૧ વર્ષ ૩ માસ અને ૧૨ દિવસનું આયુષ્ય વ્યતીત કરી સ્વામીશ્રી વિ.સં. ૧૯૦૮ના વૈશાખ વદ - ૫ના દિવસે અક્ષરધામ સિધાવ્યા. સ્વામીશ્રીના પંચભૌતિક દેહનો અંત્યેષ્ટી સંસ્કાર પણ વડતાલના જ્ઞાનબાગમાં કરવામાં આવ્યો છે અને એની ચિરસ્મૃતિ રૂપે હાલ ત્યાં સુંદર છત્રી કરવામાં આવી છે.

# જૂનાગઢ મંદિરના આદિ મહંત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી



ભગવાન શ્રીહરિના પ્યારા આ ૫૦૦ પરમહંસોમાં પ્રત્યેકની પોતાની આગવી વિશિષ્ટતા હતી. કોઈ કવિ, કોઈ વિદ્વાન, કોઈ જ્ઞાની, કોઈ ધ્યાની, કોઈ શિલ્પકાર, કોઈ સ્થાપત્યકાર, કોઈ ગાયક, કોઈ નર્તક હતા. આ સંતોમાં સ.ગુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું નામ સર્વોત્તમવક્તા તરીકે લઈ શકાય. શ્રીજીમહારાજના પૃથ્વી ઉપરના આશયને સિદ્ધ કરવામાં સ્મરણીય ભાગ ભજવનાર શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાણી સાવજના સસલા બનાવે, કથીરને કંચન કરે, કુસંગીને સત્સંગી બનાવે, મદ અને મત્સરથી છકી ગયેલાને માર્દવ યુક્ત બનાવે એવી હતી.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના ભાદરા ગામે વિ.સં. ૧૮૪૧ના આસો સુદ - ૧૫(શરદ પૂર્ણિમા)ના રોજ થયો હતો. પિતાશ્રીનું નામ ભોળાનાથ અને માતાનું નામ સાકરબાઈ હતું. બાળપણનું નામ મૂળજી હતું. વિ.સં. ૧૮૪૯ના જેઠ સુદ - ૫ના રોજ તેઓનો યજ્ઞોપવિત સંસ્કાર થયો હતો.

સ્વામીશ્રીએ ગૃહત્યાગ કરી ડભાણ યજ્ઞમાં વિ.સં. ૧૮૬૬ના પોષ સુદ - ૧૫ના દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે ભાગવતી દીક્ષા પામી **'ગુણાતીતાનંદ'** એવું નામ ધારણ કર્યું હતું.

સાધુ થયા પછી સ્વામીશ્રી ૨૦ વર્ષ સુધી શ્રીજીમહારાજ પાસે રહી તેમની સેવા કરી પ્રસન્નતા મેળવી. વિ.સં. ૧૮૮૩ના ચૈત્ર સુદ - ૧૫ના દિને વડતાલમાં ભગવાન શ્રીહરિએ સર્વે સંતોની હાજરીમાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિર નિર્માણ થતાં જૂનાગઢના મહંત તરીકે નિયુક્ત કરીને પોતાના કંઠમાંથી ગુલાબનો હાર પહેરાવ્યો અને તત્ત્વાનંદ સ્વામીની સાથે વડતાલથી નીકળી ધોલેરા-ગઢપુર વગેરે ગામડાઓમાં વિચરણ કરતા વિ.સં. ૧૮૮૩ના વૈશાખ સુદ - ૧૪ના શુભ દિવસે જૂનાગઢ આવ્યા.

મંદિરોના મહંતો કરતા આ મહંત કંઈક મુઠી ઉંચેરૂ વ્યક્તિત્વ ધરાવતા હતા. જુનાગઢ મંદિરનું ઘણું ખરું બાંધકામપણ સ્વામીશ્રીની દેખરેખ નીચે જ થયેલું. જ્યાં સુધી સ.ગુ શ્રી બ્રહ્માનંદસ્વામી હોય ત્યાં સુધી સ્વામીશ્રી ધ્યાન રાખતા અને ન હોય ત્યારે તેમની તમામ જવાબદારી સ્વામીશ્રી સંભાળી લેતા. વિ.સં. ૧૮૮૬ સુધી જુનાગઢ મંદિરનું બાંધકામ ચાલેલું. સ્વામીશ્રી માળા અને ધ્યાન કરતા પણ મંદિરની સેવાને વધુ મહત્ત્વ આપતા.

વિ.સં. ૧૮૮૬માં મધ્ય શિખરના ચણતર સમયે આર્થિક કટોકટિ જેવી પરિસ્થિતિ સર્જાણી. તુરંત સ્વામીશ્રીએ બારપટોળી-કોવાયા વગેરે ગામોમાં એક પાર્ષદ ભગતને પત્ર આપીને મોકલ્યા અને તે સમયે ૧૦૦૦ હજાર રાળની સેવા કરાવીને મધ્ય શિખરનું બાકી કામપૂર્ણ કરેલું. ૧. સં. ૧૯૦૬માં દેવમંદિરના દ્વારની આગળના ભાગને તથા ઘુમટના ભાગને જુદો પાડવા માટે લોખંડની જાળી કરાવી. ૨. સં. ૧૯૧૧માં શ્રીહનુમાનજીની વિરાટ પ્રતિમા તથા ગણપતિની સ્થાપના પણ સ્વામીશ્રીએ જ કરાવી. ૩. સં. ૧૯૨૦માં જુની ધર્મશાળા પાડીને ત્રણ ખંડની વિશાળ ચોકવાળી ત્રણ માળની નવી ધર્મશાળા બંધાવી. ૪. સં. ૧૯૧૬ ફાગણ વદ-૨ના રોજ સ્વામીશ્રીએ વડતાલથી પ.પૂ. ધ. ધૂ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તેડાવીને બંને દેશના સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પંચધાતુની મૂર્તિ પધરાવી. આ મૂર્તિ પ્રસાદીના વાસણોમાંથી બનાવેલી છે.

સ્વામીશ્રીએ બાંધકામને જ વિકાસ સમજી લેવાની ભૂલ નથી કરી. તેમણે મંદિરના સ્થૂળ વિકાસ સાથે સત્સંગબાગને નવપલ્લવિત રાખવા માટે સુવ્યવસ્થિત આયોજન કરેલું. કથા વાર્તા દ્વારા દરેક ભક્તજનોને વ્યવસ્થિત પોષણ મળી રહે તે માટે સ્વામીશ્રીએ ગુણીયલ અને સમર્થ સંતોના ચાર મંડળ બાંધી આપેલા. ૧. સ.ગુ શ્રી વ્રજાનંદસ્વામીનું મંડળ, જેઓ ઉના વિસ્તારના નાઘેર પ્રદેશમાં સત્સંગ બાગને ભક્તિજળનું સિંચન કરતા, જ્ઞાનનું ખાતર નાંખતા - જેથી નિષ્ઠાનું મૂળ મજબૂત થાય. નાઘેર વિસ્તાર તમામ ગામડાઓમાં વ્રજાનંદ સ્વામીએ સત્સંગના પાયા નાંખેલા છે. ૨. સ.ગુ શ્રી રાઘવાનંદ સ્વામી, જેઓ આહિરોના ગુરૂ બનેલા. તેઓએ કોવાયા, બારપટોળી, જામકા, બાબરીયાવાડ પ્રદેશમાં સત્સંગનો ખૂબ જ ફેલાવો કરેલો અને કોઈને વશ ન થાય એવા આહિરોને પણ વ્યસનો મુકાવીને સત્સંગનો રંગ લગાડ્યો હતો. ૩. સ.ગુ શ્રી કેવલાત્માનંદ સ્વામીનું મંડળ, જે હાલાર પ્રદેશમાં જામનગર તરફના ગામડાઓમાં ફરતું. ૪. સ.ગુ શ્રી રામદાસ સ્વામીનું મંડળ, જે સોરઠ અને ઘેડ પ્રદેશમાં ફરતું. વંથલી, આખા, પીપલાણા વગેરે ગામોમાં સ્વામી ફરતા ને સત્સંગ કથા-વાર્તા કરતા-કરાવતા.

આમ, આયોજનબદ્ધ રીતે સ્વામીશ્રીએ મંદિર અને સત્સંગની પ્રણાલિકા સ્થાપીને અજોડ સેવા કરી છે.

જૂનાગઢના સભામંડપમાં થાંભલાના ટેકે, ફાટેલ ગોદડી પર બેસી સ્વામીશ્રીએ સર્વોપરી આજ્ઞા-ઉપાસનાની વાતોની ઝડી વરસાવી સમગ્ર સોરઠ સત્સંગને અભંગ રંગથી રંગી દીધો. ગરીબથી માંડીને વિદ્વાનો અને રાજા-મહારાજાઓને પણ એક સરખી જ વાતથી ભક્તિનું ભાતું પીરસતાં માત્ર આ સંપ્રદાયમાં જ નહિ, પરંતુ જૂનાગઢમાં મુસ્લિમ બિરાદરોમાં આ સંતની સાધુતાનો સારો એવો પ્રભાવ પડ્યો હતો.

સં. ૧૯૨૩ના ભાદરવા સુદ -૨ સુધી એટલે ૪૦ વર્ષ ૪ માસને ૪ દિવસ સુધી સતત શ્રી રાધારમણદેવની સેવા કરીને, સોરઠને સર્વોપરી ઉપાસના અને ઈશનિષ્ઠાના રંગથી રંગનાર આ સદ્‌ગુરુવર્ય સં. ૧૯૨૩માં ગોંડલમાં ભગવાન શ્રીહરિની ઈચ્છાએ પંચભૌતિક દેહનો ત્યાગ કરીને મહારાજની સેવામાં સિધાવ્યા હતા.



# જૂનાગઢ મંદિરના નિર્માતા બ્રહ્મમહોલના કવિસમ્રાટ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી

શ્રી સ્વામિનારાયણીય સંતકવિઓમાં જેમનું સર્વોચ્ચ સ્થાન છે, જેમને સૂર્યસમા તેજસ્વી એક વિરલ અને અજોડ વિભૂતી, શતાવધાન-સહસ્રાવધાની, મહાશીઘ્ર કવીશ્વર તરીકે બિરદાવાયા છે તેમજ શ્રીજીમહારાજના અલૌકિક સત્સંગની ખીલવણી માટે, શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર પોતાની સાહિત્યિક શક્તિને કીર્તનોમાં સાકાર કરનાર, જેનાં સો કીર્તનો પ્રેમાર્દ્ર સ્વરે નિત્ય ગાનારને **પોતાનાં પ્રત્યક્ષ દર્શન**નું દાન દેવાનો શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને કોલ દીધો હતો એવા એ કીર્તનોના કર્તા; વડતાલ, જૂનાગઢ અને મૂળીનાં મંદિરોની રચનામાં પોતાની કાયા ઘસી નાખનાર એવા સાધુમૂર્તિ, યતિશ્રેષ્ઠ અને ભક્તિનિષ્ઠ કર્મઠ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમહંસ મંડળના એક અનોખા સંતરત્ન. ભગવાન શ્રી સ્વામિનારાયણના નિત્યસખા બ્રહ્માનંદ સ્વામી ગુર્જર સાહિત્ય અને સકલભારતના ભક્તિ સાહિત્યમાં પણ મુઠ્ઠી ઊંચેરો **મહિમા** ધરાવે છે.

'રાજકવિ, રાજરત્ન, પિંગળ વિદ્યાચાર્ય, સહસ્રાવધાન, શતાવધાન, શીઘ્ર કવીશ્વર' વગેરે ખિતાબોનો યશ પ્રાપ્ત કરનાર, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્યના ઈતિહાસ મંદિરમાં આજે પણ જે બ્રહ્મબોલના પડછંદા સંભળાય છે તેના ઉદ્‌ગાતા સંત સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીનો જન્મ રાજસ્થાનના શિરોહી જિલ્લાના ખાણ ગામમાં ચારણકુળમાં પિતા શંભુદાનજીને ઘરે માતા લાલુબાની કુખે વિ.સં. ૧૮૨૮ના મહા સુદ - ૫ (વસંતપંચમી)ના રોજ થયો હતો.

'પુત્રના લક્ષણ પારણામાંથી જણાય' તે ન્યાયે બાળપણથી જ લાડુદાનના મુખેથી કાવ્યો ગવાયા કરતા. પિંગળ શાસ્ત્રનો ધમડકા-ભુજ આદિક ગામોમાં અભ્યાસ કરી 'રાજકવિ, રાજરત્ન, પિંગળ વિદ્યાચાર્ય, સહસ્રાવધાન, શતાવધાન, શીઘ્ર કવીશ્વર' વગેરે ખીતાબોનો યશ પ્રાપ્ત કર્યો.

વિ.સં. ૧૮૬૧માં લાડુબા, જીવુબાની વૈરાગ્ય સભર અદ્‌ભુત વાતોથી ભગવાન શ્રીહરિ પાસે કારિયાણી ગામે ભાગવતી દીક્ષા લઈને સાધુ થયા.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી માત્ર શબ્દ શિલ્પી જ નહિ, પણ સ્થાપત્ય કલાના ઉત્તમ જાણકાર હતા. વડતાલ, મૂળી અને જૂનાગઢના મંદિરોની રચના તેઓની આગવી સ્થાપત્ય વિષયક કોઠા સુઝની સાક્ષી છે.

તેમાં પણ જ્યારે જૂનાગઢમાં નવાબી રાજ્ય હતું અને સ્વામીપંથનું થાણું અહીં નાખવા ન દેવાની જહેમત નાગર બ્રાહ્મણોએ ઉપાડી હતી ત્યારે સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પોતાની ભવ્ય પ્રતિમા, કવિત્વ શક્તિ, વ્યવહાર કુશળતા અને સાધુતા દ્વારા એ નાગરોના વિરોધ અને ઉપદ્રવને કૂનેહપૂર્વક શાંત કરી - ભવ્ય **ત્રણ શિખરવાળું મંદિર** કર્યું હતું. નવાબી રાજ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિર થયું એ સાંપ્રદાયિક ઈતિહાસમાં મહામૂલી ઘટના બની ચિરસ્થાયી બની રહી છે.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીની ઉપસ્થિતિ હાસ્યનો પર્યાય હતી. સભા પ્રસંગે કોઈ વિશેષ પરિસ્થિતિઓમાં પણ સ્વામીશ્રી ભગવાન શ્રીહરિને સખ્યભાવે પ્રેમવશ કરતા.

કવીશ્વર સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી લગભગ **૬૦ વર્ષ** અવિરત સંપ્રદાય અને સાહિત્યની **સેવા** કરતા રહ્યા અને વિ.સં. ૧૮૮૮ના જેઠ સુદ - ૧૦ના રોજ ભગવાન શ્રીહરિની દ્વિતીય પુણ્યતીથિના પ્રાતઃકાળે મૂળીમાં પોતાના પંચભૌતિક દેહ ત્યાગ કરી અનંત મુક્તો અને શ્રીજીમહારાજની સાથે **અક્ષરધામગમન** કર્યું હતું.

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી



પંડોળી(તા. પેટલાદ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સંન્નિધિમાં યોજાયેલ મંદિરનો '૨૭મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી-૨૦૦૯)



દૂધવાડા(વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ (તા.૧૯-૨-૨૦૦૯)



ગઢપુરને આંગણે શ્રી પ્રફુલભાઈ ગઢવી પરિવાર આયોજીત કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા.૨૨-૨-૦૯)




પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં કુરાલ (તા.પાદરા)ને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'(તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી - ૨૦૦૯)



ભાદરવાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો 'વાર્ષિક પાટોત્સવ' (તા.૨૭-૨-૨૦૦૯)



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં નવસારીને આંગણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર-જલાલપોરનો ભવ્ય 'દશાબ્દિ મહોત્સવ' (તા. ૧ થી ૭ માર્ચ - ૨૦૦૯)



મગનપુરા(ખેડા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો 'વાર્ષિક પાટોત્સવ'(તા.૨૮-૨-૨૦૦૯)



વેજલપુર(ગોધરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો 'વાર્ષિક પાટોત્સવ'(તા.૨૮-૨-૨૦૦૯)



મોરા(નવસારી)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો '૩૬મો વાર્ષિક પાટોત્સવ'(તા.૧-૩-૨૦૦૯)



કારિયાણીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની દિવ્ય નિશ્રામાં યોજાયેલ મંદિરનો '૩૧મો વાર્ષિક પાટોત્સવ'(તા.૩-૩-૨૦૦૯)



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક' ના 'રજત જયંતિ વર્ષ'માં તુરખા (તા. બોટાદ)ને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'(તા. ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી - ૨૦૦૯)



રાજકોટને આંગણે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૭-૩-૨૦૦૯)



ગઢપુરને આંગણે શ્રી બાબુભાઈ ખોપાળાવાળાના યજમાનપદે યોજાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ (તા. ૧-૦૩-૦૯)



માંડવધાર(ગઢડા)ને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા.૧૩-૩-૨૦૦૯)



વેળાવદરને આંગણે યોજાયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા.૧૩-૩-૨૦૦૯)



કમીગઢ(બગસરા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ નૂતન મંદિરનો 'ખાતમુહૂર્ત વિધિ મહોત્સવ' (તા. ૧૨-૩-૨૦૦૯)



જેજાદ(સાવરકુંડલા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ નૂતન મંદિરનો 'ખાતમુહૂર્ત વિધિ મહોત્સવ' (તા. ૧૨-૩-૨૦૦૯)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | કથા સ્થળ |
|---|---|---|
| ૦૧. | ૨૭ થી ૨ માર્ચ/ એપ્રિલ-૨૦૦૯ | **મું. જૂની હળિયાદ, તા.બગસરા, જી. અમરેલી.**<br>સંપર્ક : **વજુભાઈ** - મો. ૯૯૭૯૧૫૧૬૩૩, **રૈયાણીસાહેબ** - મો. ૯૯૦૦૯૨૦૨૪૮ |
| ૦૨. | ૧૬ થી ૨૪ એપ્રિલ - ૨૦૦૯ | **મું. નાના માચીયાળા, તા.જી. અમરેલી.**<br>સંપર્ક : **ઘનશ્યામભાઈ કરડ** - મો. ૯૮૭૯૪૨૨૨૯૯, ૯૮૨૫૧૪૧૩૪૨ |
| ૦૩. | ૨૬ એપ્રિલ ૨ મે - ૨૦૦૯ | **મું. ઘોરા, તા. ઉમરેઠ, જી. આણંદ.**<br>સંપર્ક : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૩૮૬૯૨૯ |
| ૦૪. | ૩ થી ૯ મે - ૨૦૦૯ | **યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.**<br>સંપર્ક : મો. ૯૮૭૯૭૫૮૫૧૩, ૯૮૭૯૫૧૮૨૫૯, ૯૩૭૫૦૨૪૭૬૦ |
| ૦૫. | ૧૧ થી ૧૯ મે - ૨૦૦૯ | **સ્વામી શ્રી શ્યામવલ્લભદાસજી, શ્રી સ્વા. મંદિર, ગોકુળ હોટલની સામે, એસ.વી. રોડ, બોરિવલી (વેસ્ટ)** સંપર્ક : ફો.નં. ૦૨૨ ૨૮૯૦૩૭૧૭ |
| ૦૬. | ૨૧ થી ૨૪ મે - ૨૦૦૯ | **'શ્રી સ્વામિનારાયણ બાગ'શ્રી સ્વા. મંદિર, સરધાર, તા.જી. રાજકોટ.**<br>સંપર્ક : ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩ |

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

## :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર** : તા. ૦૫-૦૪-૨૦૦૯, ચૈત્ર સુદ - ૧૧ **સમય** :- સવારે ૯ થી ૧

**રાજકોટ** :- તા. ૨૮-૦૩-૦૯, ચૈત્ર સુદ -૨, શનિવાર **સમય** :- રાત્રે ૯ થી ૧૧

સંપર્ક :- શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯





**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરંભડાને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અદ્‌ભૂત અને ભવ્ય '૩૬મો જન્મજયંતિ મહોત્સવ' (તા.૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯)**

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીને શ્રીહરિકૃષ્ણ મહારાજનું અભિષેક દર્શનનું સ્વરૂપ અર્પણ કરતા પૂ. સ્વામી. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીને જેતપુર લીલા દર્શનની ચિત્રપ્રતિમા આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી. ૩. યજમાન પરિવાર દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ૩૬ ફૂટના ચોકલેટ હારથી સ્વાગત. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા યજમાન શ્રી ભરતભાઈ તથા વિપુલભાઈ. ૫. યજમાન પરિવારને શ્રી ગોપીનાથજી મહારાજની ચિત્રપ્રતિમા આપતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૬. યજમાન શ્રી ભરતભાઈ રાખોલીયા ઉપર આશીર્વાદ આપી રાજીપો દર્શાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. ધર્મકુળ આશ્રિત શ્રી સ્વા. આજ્ઞા-ઉપાસના મંડળ - યુ.એસ.એ. વતી પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભેટ અર્પણ કરતા શ્રી મદનમોહનભાઈ પટેલ. ૮. ૩૬ ફૂટની પુષ્પમાળાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા બગસરાના સત્સંગ સમાજના ભક્તજનો. ૯. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સૂકામેવાના હારથી સ્વાગત કરતા કેશોદ સત્સંગ સમાજના ભક્તજનો. ૧૦. નૃત્ય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા શ્રીહરિકૃષ્ણ યુવક મંડળ - રાજકોટના ઉત્સાહી યુવાનો. ૧૧. વડતાલ ગાદીની મૂળભૂત વેબસાઈટ અંતર્ગત 'સત્સંગ પ્રશ્નોત્તરી' વિભાગનું લોંચિગ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'નિત્ય સાયં સમારાધના'ની ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.













પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરંભડાને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અદ્‌ભૂત અને ભવ્ય '૩૬મો જન્મજયંતિ મહોત્સવ' (તા.૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯)

- છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦,શ્રીજી આર્ટ - અમદાવાદ. મો. ૯૮૭૯૬૦૬૬૮૬

Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Divyaswarupdas



કાઠિયાવાડ પ્રદેશમાં પધારી કાઠિયાવાડી પોશાકમાં અધર્મને નાશ કરવા હળને ઉપાડતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.



અનેક શહેરો, નગરો અને ગામોગામથી જન્મોત્સવનો લાભ લેવા પધારેલ વિશાળ ભક્ત સમુદાય દ્વારા સમૂહ આરતી.



ઠાકોરજીના પ્રાસાદિક અબીલ-ગુલાલ સહિત કેસરીયા રંગનું પિચકારી વડે સંતો-હરિભક્તો પર રંગપંચમીના પવિત્ર દિવસે રંગવર્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. '૩૬મો જન્મજયંતિ મહોત્સવ' - સરંભડા, તા. ગારિયાધાર, જી. ભાવનગર (તા.૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯)



પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરંભડાને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અદ્ભૂત અને ભવ્ય '૩૬મો જન્મજયંતિ મહોત્સવ' (તા.૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯)

પ.પૂ. લાલજી મહારાજશ્રીના **'૩૬મા જન્મજયંતિ મહોત્સવ'**ની ઉજવણીમાં મીઠું મોં કરાવતા પૂ. વડિલ સંતો. ૧. પૂ. સ.ગુ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી - અમરેલી,જેતપુર. ૨. પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા. ૩. પૂ. એસ.પી. સ્વામી (બોર્ડ સલાહકાર - ગઢપુર). ૪. પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢપુર. ૫. પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા. ૬. પૂ. સ.ગુ. શા. સ્વામી શ્રી ઘનશ્યામપ્રસાદદાસજી - ગઢપુર. ૭. પૂ. સ્વામી શ્રી નિરઞ્જનમુક્તદાસજી (વકિલ સ્વામી) - વડતાલ. ૮. પૂ. સ્વામી શ્રી પ્રેમજીવનદાસજી - જૂનાગઢ.




**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે સરંભડાને આંગણે યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો અદ્દભૂત અને ભવ્ય '૩૬મો જન્મજયંતિ મહોત્સવ' (તા.૧૧ થી ૧૫ માર્ચ - ૨૦૦૯)**

૧. સરંભડા ગામથી નીકળેલ મહોત્સવ સ્થળ સુધી પોથીયાત્રા. ૨. સભામંચમાં પોથીજીને લઈને આવતા મહોત્સવના યજમાન શ્રી ભરતભાઈ રાખોલીયા આદિક પરિવારજનો. ૩. પોથીજીનું પૂજન કરતા યજમાન શ્રી ભરતભાઈ રાખોલીયા (વેળાવદર). ૪. વિશાળ સભામંચમાં ભક્તજનોને શ્રીહરિલીલામૃત ગ્રંથ અંતર્ગત 'વન વિચરણ'ની કથાનું રસપાન કરાવતા પૂ. સ્વામી. ૫. ઠાકોરજી, પોથીજી અને વક્તાશ્રીના પૂજન-અર્ચનનો લાભ લેતા યજમાનશ્રી રાખોલીયા પરિવાર. ૬. 'વન વિચરણ' પુસ્તિકાનું વિમોચન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૭-૮. સુશોભિત અને સુંદર દિવ્ય સભામંડપમાં મહોત્સવનો લાભ લેવા નિત્ય પધારતા કાઠિયાપ્રદેશના હજારો ભક્તજનો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ચાલો યોગીચોક...

પધારો યોગીચોક...

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના 'ગાદિ પટ્ટાભિષેક'ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે આગામી આંતરરાષ્ટ્રીય 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'ના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરનો ભવ્ય

# ૮ મો વાર્ષિક પાટોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**વક્તા :-** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)




આંતરરાષ્ટ્રીય

## શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ

2009

૨૦૮ કરોડ મંત્રલેખન • અનેક શહેરોમાં ઉપમહોત્સવો • મહામહોત્સવ - ગઢપુર

અધ્યક્ષ : પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ

ઉપાધ્યક્ષ : પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ










**કથા સમય :-** બપોરે ૩.૦૦ થી ૬-૦૦ રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦

## તારીખ :- ૩-૫-૨૦૦૯ થી ૯-૫-૨૦૦૯ સુધી

**આયોજક :-** શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ-શ્રીજીનગર, મો. ૯૮૭૯૭૫૮૫૧૩

**:: નિમંત્રક ::** શ્રી મગનભાઈ તથા નાગજીભાઈ તથા લાલજીભાઈ ખીમજીભાઈ રાખોલીયા (વેળાવદર)

## મહોત્સવ સ્થળ :- યોગી ચોક, ચોપાટી સામે, વરાછા રોડ, સુરત.

**:: સંપર્ક ::**

**નાગજીભાઈ** - મો. ૯૯૭૯૪૨૨૧૦૦, **જયંતિભાઈ** - મો. ૯૮૨૫૪૨૩૩૭૫, **દલસુખભાઈ** - ૯૮૨૫૩૫૮૨૫૮
**ચિરાગભાઈ** - ૯૯૦૯૬૫૨૨૦૦, **ઘનશ્યામભાઈ** - ૯૮૨૫૮૦૪૬૧૦



With best Compliments - Shree Junagadh Darshan
XXX
BOUTIQUE
Advance Fashion everywear....
MADHUR COMPLEX, NEAR BHAIKAKA STATUE, MOTA BAZAR,
VALLABH VIDYANAGAR-388 120, Ph : 02692 233441




PATEL ATTARWALA
PA
SURAT
પટેલ
અત્તરવાલા
ESCAPE
અમારે ત્યાંથી ૧૦૦% શુદ્ધ સ્પ્રે,
અત્તર, અગરબત્તી તેમજ બેલ્ટ મળશે.
પ્રો. શીવલાલભાઈ માલવીયા
મો.નં. ૯૯૨૪૭ ૨૬૫૩૩
પંડોળ, વેડરોડ, સુરત.